CMYK

RNI NO GUJGUJ2003/09673

LEELA NEWS NETWORK P. LTD

અસ્સલ કાઠિયાવાડી મિજાજ

# સૌરાષ્ટ્ર આજતક

સનસનાટી નહીં, સત્ય. અફવા નહીં આધાર !

www.aaspassdaily.com

● મેનેજીંગ તંત્રી : કોમલકાંત શર્મા | પ્રમુખસ્વામી આર્કેડ, માલવીયા ચોક, રાજકોટ, ફોન : ૦૨૮૧-૨૨૪૧૨૩૪, ફેક્સ : ૦૨૮૧-૨૨૩૦૬૬૬

● સંવત ૨૦૮૦ ચૈત્ર સુદ - ૪ | શુક્રવાર, તા.૧૨-૦૪-૨૦૨૪ | અંક : ૨૧૫ વર્ષ : ૨૧ | e-mail : sauaajtak@gmail.com | કિંમત રૂા. ૨-૫૦ | પાના - ૮

LEELA WORLD WIDE
લીલા વર્લ્ડ વાઈડ
ગ્રુપનું અખબાર સમુહ

# ગુજરાતની ૨૬ બેઠકો માટે આજથી નામાંકન પ્રક્રિયા શરૂ

## લોકસભાની ચૂંટણીને લઈ આજે જાહેરનામું બહાર પડશે:૧૯ એપ્રિલ ઉમેદવારીની અંતિમ તારીખ

અમદાવાદ,તા.૧૧

લોકસભાની ચૂંટણીને લઈ આવતીકાલે એટલે કે ૧૨ એપ્રિલે ચૂંટણી જાહેરનામું બહાર પડશે.આ સાથે જ ઉમેદવારો પોતાની ઉમેદવારી નોંધાવી શકશે ગુજરાતની ૨૬ બેઠકો માટે ૭ મેના રોજ ત્રીજા તબક્કામાં મતદાન યોજાશે. આ સાથે ૭ મેના રોજ ગુજરાતમાં પેટાચૂંટણી માટે પણ મતદાન યોજાશે. રાજ્યમાં ૨૬ લોકસભા બેઠક અને ૫ વિધાનસભાની બેઠક માટે ઉમેદવારી પત્રક ભરાશે. નોંધનિય છે કે, ઉમેદવારી પત્રકો ભરવાનો અંતિમ દિવસ ૧૯ એપ્રિલ રહેશે.

રાજ્યમાં આવતીકાલે બહાર ચૂંટણી જાહેરનામું પડશે. ચૂંટણી જાહેરનામું બહાર પડવાની સાથે જ ઉમેદવારી પત્રકો ભરવાની શરૂઆત થશે. મહત્વનું છે કે, ઉમેદવારી પત્રકો ભરવાનો અંતિમ દિવસ ૧૯ એપ્રિલ રહેશે. નોંધનિય છે કે, ચૂંટણીની તારીખોની જાહેરાત થતાંની સાથે જ રાજ્યમાં આદર્શ આચારસંહિતા અમલમાં આવી ગઇ છે. આ વખતે લોકસભાની ચૂંટણી ૭ તબક્કામાં યોજાશે, જ્યારે ચૂંટણીના પરિણામો ૪ જૂને જાહેર થશે.

દેશમાં ચૂંટણીનો માહોલ જામ્યો છે. દરેક જિલ્લામાં વહીવટી તંત્ર પણ કામે લાગી ગયું છે.ગાંધીનગરમાં ચૂંટણીને લઈ વહીવટી તંત્ર સજ્જ થઇ ગયું છે. આવતીકાલે ચૂંટણી જાહેરનામું બહાર પડે તે પહેલા જ તમામ તૈયારીઓ પૂર્ણ કરવામાં આવી છે. જાહેરનામું બહાર પડતાં જ સ્ટેટીક સર્વેલન્સ ટીમ સક્રિય થશે. દરેક બેઠક દીઠ ૪ સ્ટેટીક સર્વેલન્સ ટીમ કાર્યરત રહેશે. જોકે ડિસ્ટ્રિક્ટ કંટ્રોલ રૂમ તથા એક્સ્પેન્ડિચર મોનિટરિંગ સેલ અત્યારથી જ શરૂ કરી દેવામાં આવ્યા છે.

દેશભરમાં લોકસભાની ચૂંટણીની તારીખોની જાહેરાત કરવામાં આવી છે. આ સાથે જ ગુજરાતની ૨૬ લોકસભા સીટ અને પાંચ વિધાનસભા બેઠકની ચૂંટણીની જાહેરાત પણ કરવામાં આવી છે. લોકસભાની ચૂંટણી ૭ તબક્કામાં યોજાશે જ્યારે ચૂંટણીના પરિણામો ૪ જૂને જાહેર થશે. દેશમાં ૧૯ એપ્રિલે પહેલા તબક્કા સાથે મતદાનની શરુઆત થશે અને અંતિમ ૭મા તબક્કાની ચૂંટણી ૧ જૂનના રોજ યોજાશે. જ્યારે ગુજરાતની ૨૬ બેઠકો માટે ૭ મેના રોજ ત્રીજા તબક્કામાં મતદાન યોજાશે. ૭ મેના રોજ ગુજરાતમાં પેટાચૂંટણી માટે પણ મતદાન યોજાશે.

લોકસભાની સાથે ગુજરાતની પાંચ વિધાનસભા બેઠક પર પેટાચૂંટણીની પણ જાહેરાત કરવામાં આવી છે. જેમાં વિજાપુર, ખંભાત, વાઘોડિયા, પોરબંદર, માણાવદર બેઠકનો સમાવેશ થાય છે.

## ૧૯મીથી પીએમ મોદી ગુજરાતમાં, જાહેર સભા અને શહેરી વિસ્તારમાં રોડ શો

અમદાવાદ,તા.૧૦

ગુજરાતની ૨૬ બેઠકો સહીત વિવિધ રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશની કુલ ૯૪ બેઠક માટે આગામી ૭મી મેના રોજ લોકસભાની ચૂંટણી યોજાશે. લોકસભાની ચૂંટણીના સાત પૈકી ત્રીજા તબક્કામાં ગુજરાતમાં ચૂંટણી યોજાનાર છે. લોકસભાની ચૂંટણીમાં ગુજરાતના પનોતા પૂત્ર અને લોકલાડીલા નેતા વડાપ્રધાન નરેન્દ્ર મોદીની જાહેરસભાઓ અને રોડ શોનું આયોજન ભાજપે ઘડી કાઢ્યું છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી ગુજરાતના ચાર ઝોનમાં ઝંઝાવાતી ચૂંટણી પ્રચાર કરશે.

વડાપ્રધાનના ચૂંટણી પ્રચાર અંગે મળતી માહિતી અનુસાર, ૧૯મી એપ્રિલ બાદ મોદી ગુજરાતમાં જાહેરસભાઓ અને રોડ શો કરશે.

## સ્કૂલ બસ પલટી જતા ૬ બાળકોનાં મોત

### ડ્રાઈવર નશામાં હતો : ઈદની રજામાં પણ શાળા ચાલુ હતી

મહેન્દ્રગઢ,

હરિયાણાના મહેન્દ્રગઢમાં ગુરુવારે સવારે બાળકોથી ભરેલી એક ખાનગી શાળાની બસ પલટી ગઈ હતી. આ અકસ્માતમાં ૬ બાળકોનાં મોત થયાં હતાં, જ્યારે ૧૫થી વધુ બાળકો ઘાયલ થયાં હતાં. ઈજાગ્રસ્તોને તાત્કાલિક ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. માહિતી બાદ પોલીસ અને પ્રશાસનના ઉચ્ચ અધિકારીઓ પણ ઘટનાસ્થળે પહોંચી ગયા છે. અકસ્માતનું કારણ ઓવરટેક હોવાનું કહેવાય છે.

મહેન્દ્રગઢના કનિના શહેરમાં આવેલી જીએલ પબ્લિક સ્કૂલ ઈદની રજા બાદ પણ ખુલ્લી હતી. ગુરુવારે સવારે બસ ૩૫ બાળકો સાથે શાળાએ જઈ રહી હતી. દરમિયાન ઉનાણી ગામ પાસે સ્કૂલ બસ ઓવરટેક કરતી વખતે અચાનક પલટી ખાઈ ગઈ હતી. આ દરમિયાન જોરદાર ધડાકો થયો અને બૂમાબૂમ થઈ હતી.

## એલન મસ્ક આવી રહ્યા છે ભારતની મુલાકાતે

નવીદિલ્હી,

ટેસ્લાના માલિક એલન મસ્ક આ મહિનાના અંતમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીને મળવા માટે ભારત આવવાની યોજના બનાવી રહ્યા છે, જે દરમિયાન ભારતમાં રોકાણ અને એક નવી ફેક્ટ્રી ખોલવાની પોતાની યોજના સંબંધિત વાત થવાની આશા છે. રૉયટર્સના રિપોર્ટમાં કહેવાયું છે કે, ૨૨ એપ્રિલથી શરૂ થનારા અઠવાડિયામાં એલન મસ્ક ભારત પ્રવાસે રહેશે. નવી દિલ્હીમાં એલન મસ્ક ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે મુલાકાત કરી શકે છે. રિપોર્ટમાં કહેવાયું છે કે, જો એવું થાય છે તો પહેલીવાર એલન મસ્ક ભારત આવશે. એલન મસ્ક પોતાની ભારત યાત્રાની ટૂંક સમયમાં જ જાહેરાત કરશે. માનવામાં આવી રહ્યું છે કે, ભારત પ્રવાસ દરમિયાન એલન મસ્ક પોતાના ઈન્વેસ્ટમેન્ટ પ્લાન અને ભારતમાં ઈલેક્ટ્રિક કારના પ્લાન્ટને લઈને એલાન કરી શકે છે.



**આ મહિનાના અંતિમ સપ્તાહમાં ગોઠવાઈ રહ્યો છે ભારતનો પ્રવાસ**

## લાલુની પુત્રી મીસાએ કહ્યું, અમારી સરકાર આવશે તો મોદી જેલમાં હશે

### ચૂંટણી રેલી દરમિયાન બીજી વખત આ વાત કહી

પટણા,

આરજેડી સુપ્રીમો લાલુ યાદવની પુત્રી મીસા ભારતીએ કહ્યું - જો અમને જનતાના આશીર્વાદ મળશે અને અમારી સરકાર આવશે, તો પીએમ મોદી સહિત ભાજપના ઘણા નેતાઓ જેલમાં હશે. તેના પર ડેપ્યુટી સીએમ વિજય સિન્હાએ કહ્યું- કોણ જેલમાં છે, કોણ જામીન પર છે અને કોણ જેલમાં જશે, દરેકનો હિસાબ ચૂંટણી પછી થશે.

મીસા ભારતી પાટલીપુત્ર લોકસભા સીટથી આરજેડીની ટિકિટ પર ચૂંટણી લડી રહી છે. પીએમ મોદીના જેલ જવા અંગે તેઓ બે વખત નિવેદન આપી ચૂક્યા છે. એક ન્યૂઝ ચેનલને આપેલા ઈન્ટરવ્યુમાં તેમણે પહેલીવાર આ નિવેદન આપ્યું હતું. આ સાથે જ તેમણે ચૂંટણી રેલી દરમિયાન બીજી વખત આ વાત કહી.

## કેજરીવાલના PA બિભવ કુમાર બરતરફ

### ૨૦૦૭ના કેસમાં દિલ્હી વિજિલન્સની કાર્યવાહી



નવીદિલ્હી,

દિલ્હીના સીએમ અરવિંદ કેજરીવાલના અંગત સચિવ બિભવ કુમારને દિલ્હી વિજિલન્સ ડિરેક્ટોરેટ દ્વારા બરતરફ કરવામાં આવ્યા છે. સ્પેશિયલ સેક્રેટરી, વિજિલન્સ વાયવીવીજે રાજશેખરે ૧૦ એપ્રિલના રોજ પસાર કરેલા આદેશમાં બિભવ કુમાર વિરુદ્ધ ૨૦૦૭ના પેન્ડિંગ કેસને ટાંક્યો હતો, જેમાં તેમના પર સરકારી કામમાં અવરોધ લાવવાનો આરોપ હતો. આદેશમાં બિભવ કુમારની નિમણૂક તાત્કાલિક અસરથી સમાપ્ત કરવામાં આવી છે. જો કે, આમ આદમી પાર્ટીની લિગલ ટીમ બિભવની બરતરફી સામે સેન્ટ્રલ એડમિનિસ્ટ્રેટિવ ટ્રિબ્યુનલનો સંપર્ક કરવાની યોજના બનાવી રહી છે. લિગલ ટીમ આ આદેશને કયા કારણોસર પડકારી શકે છે તેના પર વિચાર કરી રહી છે.

## CBIએ તિહાર જેલમાંથી કે. કવિતાની ધરપકડ કરી

**તપાસ એજન્સી રિમાન્ડ માટે કોર્ટમાં રજૂ કરશે**

નવીદિલ્હી,

દિલ્હી લિકર પોલિસી કેસ સંબંધિત મની લોન્ડરિંગ કેસમાં CBIએ ગુરુવારે BRS નેતા કે. કવિતાની તિહારમાં ધરપકડ કરી છે. કવિતા ૨૬ માર્ચથી તિહારમાં બંધ છે. ઞૈં કવિતાને શુક્રવારે રિમાન્ડ મેળવવા માટે કોર્ટમાં રજૂ કરશે.

રિમાન્ડ મળવા પર કવિતાને સીબીઆઈ હેડક્વાર્ટર લઈ જવામાં આવશે, જ્યાં એન્ટી કરપ્શન બ્રાન્ચની ટીમ તેની પૂછપરછ કરશે. અગાઉ સીબીઆઈએ દિલ્હીની રાઉઝ એવન્યુ કોર્ટની પરવાનગી લઈને ૬ એપ્રિલે તિહાર જઈને કવિતાની પૂછપરછ કરી હતી. કે કવિતાને સહ-આરોપી બૂચી બાબુના ફોનમાંથી મળી આવેલી વોટ્સએપ ચેટ્સ અને જમીનના સોદા સંબંધિત દસ્તાવેજો વિશે પૂછપરછ કરવામાં આવી હતી. આરોપ છે કે જમીનના સોદા બાદ આમ આદમી પાર્ટીને ૧૦૦ કરોડ રૂપિયા આપવામાં આવ્યા હતા.

## દેશના મધ્ય ભાગોમાં પ્રિ-મોન્સુન એક્ટિવિટી, આગામી ૪ દિવસ સુધી વરસાદ રહેવાની વકી

### ઓડિશા અને છત્તીસગઢ રાજ્યોમાં હળવો અને છૂટાછવાયો વરસાદ પડી શકે

(જી.એન.એસ)નવીદિલ્હી,,તા.૧૧

સ્કાય મેટના વેધર રિપોર્ટ અનુસાર દેશના મધ્ય ભાગોમાં પ્રિ-મોન્સુન એક્ટિવિટી થઈ છે. જેમાં મહારાષ્ટ્ર અને મધ્યપ્રદેશનો મોટો ભાગમાં જોવા મળે છે. જ્યારે ઓડિશા અને છત્તીસગઢ રાજ્યોમાં હળવો અને છૂટાછવાયો વરસાદ પડી શકે છે. તમને જણાવી દઈએ કે વાતાવરણમાં બદલાવની પ્રવૃત્તિ છેલ્લા ૪ દિવસ એટલે કે ૫મી એપ્રિલથી વિવિધ તીવ્રતા અને પ્રસાર સાથે ચાલુ છે. વરસાદ આગામી ૪ દિવસ સુધી રહેવાની શક્યતા છે. ઉત્તર મધ્ય મહારાષ્ટ્ર અને દક્ષિણ-પશ્ચિમ મધ્ય પ્રદેશ પર ચક્રવાતનું પરિભ્રમણ રચાઈ રહ્યું છે. પૂર્વ-પશ્ચિમ ટ્રફ રેખા મરાઠવાડા, વિદર્ભ, છત્તીસગઢ અને ઓડિશા સુધી વિસ્તરે છે. આ સિવાય અન્ય ઉત્તર-દક્ષિણ ટ્રફ રેખા કર્ણાટક, રાયલસીમામાંથી પસાર થઈને તમિલનાડુ અને કેરળના આંતરિક ભાગો સુધી પહોંચી શકે છે. ઓડિશા-આંધ્રના કિનારે બંગાળની ખાડી પર પણ એક એન્ટિસાઈક્લોન રચાયું છે.

### મધ્યપ્રદેશમાં કરા પડ્યા

દેશભરમાં સક્રિય વેસ્ટર્ન ડિસ્ટર્બન્સના કારણે ઉનાળાની ઋતુમાં ઘણા રાજ્યોમાં કરા સાથે વરસાદ જોવા મળી રહ્યો છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર મધ્યપ્રદેશ, છત્તીસગઢ અને મહારાષ્ટ્રમાં આગામી ૩ દિવસ સુધી વરસાદી માહોલ ચાલુ રહેશે. અહીં ૧૩ એપ્રિલ સુધી કરા પડવાનું પણ એલર્ટ છે. બુધવારે મધ્યપ્રદેશના ૧૦ જિલ્લામાં કરા પડ્યા હતા. આ સિવાય અરુણાચલ પ્રદેશ, પશ્ચિમ બંગાળ, સિક્કિમ, આસામ, મેઘાલય, નાગાલેન્ડ, મણિપુર, મિઝોરમ, ત્રિપુરા, તેલંગાણા, આંધ્રપ્રદેશ, કેરળ અને તમિલનાડુમાં પણ હળવો વરસાદ જોવા મળી રહ્યો છે.

## ઈઝરાયેલના હવાઈ હુમલામાં હમાસ ચીફ હાનિયાના પુત્રો અને પૌત્રોના મોત

### હાનિયાએ કહ્યું કે તેના પુત્રો જેરુસલેમ અને અલ-અક્સા મસ્જિદને મુક્ત કરવાના માર્ગમાં માર્યા ગયા હતા

હમાસ,

ઈઝરાયેલ અને હમાસ વચ્ચે ગયા વર્ષથી યુદ્ધ ચાલી રહ્યું છે. ઑક્ટોબરની શરૂઆતમાં હમાસ દ્વારા કરવામાં આવેલા અચાનક હુમલામાં ઘણા ઈઝરાયલી લોકોએ જીવ ગુમાવ્યા હતા, ત્યારબાદ ઈઝરાયેલે બદલો લેવાનું શરૂ કર્યું હતું. હમાસના ટોચના નેતા ઈસ્માઈલ હાનિયાના ત્રણ પુત્રો ઈઝરાયેલના હવાઈ હુમલામાં માર્યા ગયા છે. આ ઉપરાંત તેના બે પૌત્રોની પણ હત્યા કરવામાં આવી છે. તેમના ત્રણ પુત્રો કારમાં મુસાફરી કરી રહ્યા હતા ત્યારે આ હુમલો થયો હતો.

હાનિયાએ બુધવારે અલ-જઝીરા સેટેલાઈટ ચેનલ સાથેની મુલાકાતમાં મૃત્યુની પુષ્ટિ કરી હતી અને કહ્યું હતું કે તેના પુત્રો જેરુસલેમ અને અલ-અક્સા મસ્જિદની મુક્તિમાં માર્યા ગયા હતા. હાનિયાએ ફોન ઈન્ટરવ્યુમાં જણાવ્યું હતું કે "દુશ્મન બદલો લેવાની અને હત્યાકાંડની ભાવના સાથે આગળ વધી રહ્યો છે.

## હોસ્પિટલો સબસીડી પર જમીન લે છે પરંતુ ગરીબો માટે પથારીઓ રાખતી નથી : સુપ્રીમ

**૨૫ ટકા બેડ ગરીબો માટે અનામત રાખશે, કહે છે - પરંતુ આવું ક્યારેય થતું નથી.**



નવીદિલ્હી,

સરકાર પાસેથી સબસિડી પર જમીન સંપાદન કરીને બનાવવામાં આવતી ખાનગી હોસ્પિટલો પર સુપ્રીમ કોર્ટે તીખી ટિપ્પણી કરી છે. કોર્ટે કહ્યું કે આ હોસ્પિટલો સબસિડી પર જમીન લે છે અને ઈમારતો બનાવે છે, પરંતુ પછી ગરીબો માટે બેડ અનામત રાખવાનું વચન પૂરું કરતી નથી. જસ્ટિસ સુધાંશુ ધુલિયા અને જસ્ટિસ પ્રસન્ના બી. વરાલે આંખના રોગોની સારવાર માટે દેશભરમાં એકસમાન દરો નક્કી કરવાને પડકારતી અરજી પર આ વાત કહી હતી.

કોર્ટે કહ્યું, 'જ્યારે આ તમામ ખાનગી હોસ્પિટલોને સબસિડી પર જમીન લેવાની હોય છે, ત્યારે તેઓ કહે છે કે તેઓ ઓછામાં ઓછા ૨૫ ટકા બેડ ગરીબો માટે અનામત રાખશે, પરંતુ આવું ક્યારેય થતું નથી. અમે આ ઘણી વખત જોયું છે.' હકીકતમાં, સરકારે સમગ્ર દેશમાં આંખના રોગોની સારવાર માટે એક સમાન દર નક્કી કરવાનો નિર્ણય કર્યો છે.

ઓલ ઈન્ડિયા ઓપ્થેલ્મોલોજિકલ સોસાયટી વતી કોર્ટમાં એક અરજી દાખલ કરવામાં આવી છે, જેમાં કહેવામાં આવ્યું છે કે નિષ્ણાતોના દર એક સરખા ન હોઈ શકે. સોસાયટીએ કહ્યું કે મેટ્રો શહેરો અને દૂરના ગામડાઓમાં સમાન દર હોઈ શકે નહીં. વરિષ્ઠ એડવોકેટ મુકુલ રોહતગી અને એડવોકેટ બી. સમાજનું પ્રતિનિધિત્વ કરતા વિજયલક્ષ્મીએ કહ્યું કે સરકારનો આ નિર્ણય યોગ્ય નથી. દરેક જગ્યાએ ફીમાં એકરૂપતા નથી.

કોર્ટે આ મામલે કેન્દ્ર સરકારનો અભિપ્રાય લેવા માટે નોટિસ જારી કરી છે અને આગામી સુનાવણી માટે ૧૭ એપ્રિલની તારીખ નક્કી કરી છે. કોર્ટે કહ્યું કે આ કેસની વ્યાપક અસર થશે. જસ્ટિસ ધુલિયાએ કહ્યું, 'આખરે તમે આ નીતિને કેવી રીતે પડકારી શકો?

CMYK

સૌરાષ્ટ્ર આજતક

# રામનવમીની શોભાયાત્રા માટે સાવરકુંડલામાં તૈયારીઓ શરૂ

સાવરકુંડલા: આમ તો સાવરકુંડલા શહેર ધર્મપ્રેમી શહેર છે અહીં વિવિધ ધાર્મિક ઉત્સવો ખૂબ જ ધામધૂમથી ઉજવવામાં આવે છે. હાલ ચૈત્ર માસનાં મંગલ પ્રારંભ સાથે જ રામનવમીના તહેવારની ઉજવણીની તૈયારીઓ શરૂ થઈ ગઈ છે. સાવરકુંડલામાં શ્રી રામનવમીના દિવસે સન ૧૯૮૩થી ભવ્ય શોભાયાત્રાનો પ્રારંભ કરવામાં આવ્યો હતો ત્યારથી આજ દિન સુધી ભવ્ય રીતે શોભાયાત્રા કાઢવામાં આવે છે આ વર્ષે રામનવમીનો તહેવાર ભવ્ય રીતે ઉજવવા માટે શ્રી રામ જન્મોત્સવ સમિતિ દ્વારા તડામાર તૈયારીઓ શરૂ કરવામાં આવી છે.સાવરકુંડલા ખાતે કાર્યાલયનું ખુલ્લુ મુકવામાં આવ્યું છે.

તેમજ આ પ્રસંગે શ્રી સત્યનારાયણ ભગવાનની કથાનું ભવ્ય આયોજન કરાયું હતું. અને શ્રીહનુમાન ચાલીસાના પાઠનું




સંગીતમય શૈલીમાં સુંદર આયોજન પણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સાવરકુંડલા શહેર સમેત તાલુકાભરના સનાતની ભાઈઓ, બહેનો, શહેરીજનો અને વિવિધ મંડળોના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. શ્રી રામ જન્મોત્સવ સમિતિ દ્વારા રામનવમીના દિવસે ભવ્ય અને દિવ્ય શોભાયાત્રાનું આયોજન કરવામાં આવશે.

સાવરકુંડલાના તમામ સમાજ,સંસ્થાઓ અને મંડળો દ્વારા શોભાયાત્રા રૂટ પર શરબત છાશ લચ્છી તેમજ પાણી અને અન્ય સામગ્રીના સ્ટોલ પણ ઉભા કરવામાં આવશે સાથે સુશોભિત ટેકટર, વિવિધ ઢોલ નગારા અને શંખનાદ સાથે સંગીતમય ભજન મંડળીઓ, કલાકારો તેમની કલાઓ પ્રદર્શિત કરવામાં આવશે અને દેશી અખાડાના ઝાકીના દર્શન પણ થશે તેમજ શોભાયાત્રાના રૂટ પર વિવિધ મંડળો દ્વારા ધાર્મિક કાર્યક્રમોનું પણ આયોજન કરવામાં આવશે. દરેક ધર્મપ્રેમી જનતાને રામ જન્મોત્સવ સમિતિના કાર્યાલય ખાતેથી ધજા, ગાડી ધજા, પતાકા, દોરી અને શોભાયાત્રા સંદર્ભેનું અન્ય સાહિત્ય મેળવી શકે છે. શ્રીરામ જન્મોત્સવ સમિતિ દ્વારા તમામ ધર્મપ્રેમી લોકોને આ કાર્યક્રમોમાં ઉપસ્થિત રહેવા માટે હાર્દિક નિમંત્રણ પાઠવવામાં આવે છે.એમ સતીષ પાંડેએ એક યાદીમાં જણાવ્યું હતું.

# સોમનાથ ૧૨ જ્યોતિર્લિંગમાં પ્રથમ છે, દરેક જ્યોતિર્લિંગની સ્થાપનાનું વિશિષ્ટ ભૌગોલિક મહત્વ છે

કૈલેશ ભટ્ટ ઉના:

ભારત પરંપરાઓનો દેશ છે જેમાં વૈવિધ્યસભર વૈજ્ઞાનિક પરંપરાઓનો ઈતિહાસ છે. અક્ષય કૃષિ પરિવાર ખેતી, સારો વરસાદ, વગેરે માટેની ભારતીય વિચારની પરંપરાઓને વૈજ્ઞાનિક રીતે આગળ વધારવાનું કાર્ય કરી રહ્યું છે. અક્ષય કૃષિ પરિવારનો ઉદ્દેશ્ય એ સુનિશ્ચિત કરવાનો છે કે તમામ જીવો ઝેરમુક્ત હોય, પૂરતા પ્રમાણમાં ખોરાકની ઉપલબ્ધતા હોય અને દરેક જગ્યાએ હરિયાળી રહે. આ માટે વિવિધ સંસ્થાઓના સહયોગથી વિવિધ સ્થળોએ વિવિધ પ્રકારના પ્રયોગો કરવામાં આવી





રહ્યા છે.

અક્ષય કૃષિ પરિવાર દ્વારા હાથ ધરવામાં આવેલ સૌમિક સુવૃષ્ટિ પ્રોજેક્ટ હેઠળ દેશમાં સારા વરસાદ માટે તમામ જ્યોતિર્લિંગો પર સોમયજ્ઞનું આયોજન કરવામાં આવશે. પ્રથમ તબક્કામાં ઓમકારેશ્વરમાં ૪ થી ૯ એપ્રિલ દરમિયાન સોમયજ્ઞ કરવામાં આવ્યો હતો. તે જ ક્રમમાં શ્રી સોમનાથ ટ્રસ્ટના સહયોગથી તીર્થધામ સોમનાથમાં ૧૧ થી ૧૬ એપ્રિલ દરમિયાન બીજા યજ્ઞનું આયોજન કરવામાં આવશે. પરંપરાથી પ્રબુદ્ધ સોમયાગીઓના સમૂહ દ્વારા સોમયજ્ઞ કરવામાં આવશે, જેનું નેતૃત્વ સોમયાગી શ્રી ચૈતન્ય કાલે કરશે.

ઋષિ પરાશર અને વરાહમિહિરે દર્શાવેલા સિદ્ધાંતોને ધ્યાનમાં રાખીને સોમયજ્ઞનું આયોજન કરવામાં આવશે. અત્યાર સુધીના પ્રયોગોના આધારે સુવૃષ્ટિ સોમ યાગની સફળતા આશાસ્પદ રહી છે. અક્ષય કૃષિ પરિવારના ટ્રસ્ટી ડો.ગજાનન ડાંગેએ જણાવ્યું હતું કે, યજ્ઞ દ્વારા પ્રકૃતિમાં વાદળોની કલ્પના અને તેમના સમયસર વરસાદની આગાહી વૈજ્ઞાનિક રીતે સફળ સાબિત થઈ છે. આ યજ્ઞ દરમિયાન વૈજ્ઞાનિકો અને નિષ્ણાતોની ટીમ નિરીક્ષણ માટે હાજર રહેશે. તેમજ જરૂરી ડેટા પણ એકઠા કરશે.સંપર્ક : ડો. ગજાનન ડાંગે, ટ્રસ્ટીશ્રી, અક્ષય કૃષિ પરિવર

# ઉનાના આમોદ્રા ગામનાં શખ્શને ચેક રીટર્ન કેસમાં છ માસની સજા

## વળતર પેટે રૂ. ૩.૩૦ લાખનું વળતર ચુકવવા આદેશ

ઉના:ઉનાનાં અમોદરા ગામે રહેતા અને જમીન વાવેતર રાખી ખેતી કરતાં અરજણ ભગવાન જાદવએ જયેશભાઇ બોધાભાઈ બારડ પાસેથી ઉછી પેટે રૂ. ૩.૩૦ લાખ લીધેલ હોય અને તેમને જુનાગઢ સહકારી બેંક ઉના શાખાનો ચેક આપેલ હતો.

આ ચેક વર્ષ ૨૦૨૨ માં બેંકમાં નાખતાં રીટર્ન થતાં આ અંગે ઉના એડિશનલ જુડીશિયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કોર્ટ સમક્ષ ચેક રીટર્ન અંગે ફરીયાદ નોંધાવી હતી. આ કેશ ઉના કોર્ટમાં ચાલી જતાં તમામ આધાર પુરાવા અને સાહેદોની જુબાની અને ફરિયાદી તરફે એડવોકેટ પી.બી. બારૈયાની દલીલોને ધ્યાને રાખી આરોપી સામે કેસ સાબીત થતાં એડીશન જુ ડી મેજિસ્ટ્રેટે ફર્સ્ટ ક્લાસનાં જ્જ અપિત અતુલ જાની એ આરોપીને છ માસની સાદી કેદની સજા ફટકારી અને વળતર પેટે ફરીયાદીની રકમનું વળતર ચુકવવા આદેશ કર્યો હતો.

# પ્રોહી. ડ્રાઈવ સબબ કેસો કરી અસરકારક કામગીરી કરતી ઉના સર્વલન્સ સ્કોર્ડ

ઉના:જુનાગઢ રેન્જ મ્હે પોલીસ મહાનિરીક્ષકશ્રી નિલેશ જાજડીયા સાહેબ તથા પોલીસ અધિક્ષકશ્રી મનોહરસિંહ જાડેજા સાહેબ ગીર- સોમનાથ તથા નાયબ પોલીસ અધિક્ષક શ્રી એમ.એફ.ચૌધરી સાહેબ ઉના વિભાગનાઓના આગામી લોકસભા ચુંટણી-૨૦૨૪ અનુસંધાને જીલ્લામાં કાયદો અને વ્યવસ્થાની જાળવણીના ભાગરૂપે પ્રોહી-જુગાર અંગેની પ્રવૃતિ નેસ્તનાબુદ કરવા સખત સુચના કરેલ હોય.





જે અંગે ઉના પી.આઈ.શ્રી.એમ.એન.રાણા સાહેબ નાઓની સુચના મુજબ સર્વેલન્સ સ્કોર્ડના પોલીસના માણસોની ટીમો બનાવી પ્રોહી-જુગારના પ્રવૃતિ કરતા ઈસમોને ઝડપી પાડવા જરૂરી સુચના માર્ગદર્શન આપેલ હોય જે સુચના મુજબ આજરોજ સર્વલન્સ સ્કોડના પો.સબ.ઈન્સ એચ.એલ.જેબલીયા તથા એ માંડવી ચેક પોસ્ટ ઈન્ચાર્જ પો.સબ.ઈન્સ.એચ.કે.વરૂ તથા સાથેના ચેક પોસ્ટ ફરજ ઉપરના પો.સ્ટાફના માણસો તથા ઉના સર્વલન્સ સ્કોર્ડના માણસો દ્વારા ઉના એહમદપુર માંડવી ચેક પોસ્ટ ખાતે વાહન ચેકીંગની કામગીરી દરમ્યાન દિવ તરફથી આવતા વાહનો ને આગવી સુઝબુઝથી વાહન ચેકીંગની કામગીરી દરમ્યાન નાના મોટા વાહનો ચોરખાનુ બનાવી વિદેશી દારૂ ચોરી છુપે થી ગુજરતમા પહોચાડવાના કિમીયાને નાકામ કરી લોકસભા ચુંટણી-૨૦૨૪ અંતર્ગત અલગ-અલગ ટીમો બનાવી પ્રોહીના ઈગ્લીશ દારૂના તથા દેશી દારૂના છેલ્લા બે દિવસના પ્રોહી કેશો કુલ-૧૯ કરેલ છે.

# મુસ્લિમ બિરાદરોને રોજા ખોલાવી કોમી એકતાનું ઉદાહરણ પૂરું પાડતાં કોળી સમાજના અગ્રણીઓ



સાવરકુંડલા:

ખાંભા મુસ્લિમ બિરાદરોને રોજા ખોલાવી કોમી એકતાનું ઉદાહરણ જોવા મળ્યું મુસ્લિમ બિરાદરોને રોજા ચાલતા હોય ખાંભા તાલુકાના અખીલ ભારતીય કોળી સમાજના પ્રમુખ ગોપાલભાઈ પરમાર અને કોળી સમાજના અગ્રણીઓ બન્ને મસ્જિદમાં જઈને મુસ્લિમ બિરાદરોને રોજા ખોલાવી ઐકતાનું અને ભાઈચારાનું ઉદાહરણ પુરુ પાડ્યું હતું.

# ઉનાના ઓલવાણ ગામે થયેલ હત્યાના ગુન્હામાં આરોપીને હથિયાર પુરૂ પાડનાર શખ્સને પોલીસે ઝડપી લીધો

## મૃતક યુવાન પથ્થરની ખાણમાં પાર્ટનર હતો,હત્યારા આરોપીના કોર્ટે ૪ દિવસના રિમાન્ડ મંજુર કર્યા

ઉના: ઉનાના ઓલવાણ ગામની સીમ વાડી વિસ્તારના રહેણાંક મકાન પાસે ચાર દિવસ પહેલા આરોપી ભીમાભાઇ ઉર્ફે ભીમો કરશનભાઈ ટાપરીયા ગઢવી રહે, ઉના એ પથ્થરની ખાણના હિસાબ બાબતના મનદુઃખના કારણે ખાણના માલીક ભૂપતભાઇ રામને બંધુક વડે છાતીના ભાગે ગોળી મારી હત્યા નિપજાવેલ હતી. જેમાં આરોપી ભીમાભાઇ ઉર્ફે ભીખો એ મરણજનારને બનાવમાં ઉપયોગ કરેલ બંધુક, કર્ટિસ સહિત ધોરણસર અટક કરી કબ્જે કરેલ હતી.

આ ગુન્હાની તપાસની ગીર સોમનાથ તથા નાયબ પોલીસ અધિક્ષક એમ એફ ચૌધરી સહિત ટીમ એ સુપરવિઝન હેઠળ ગુન્હામાં ઉપયોગ થયેલ બંધુક બાબતે તથા બનાવના મુળ સુધી પહોંચવા માટે સુચના હેઠળ ગુન્હામા અટક કરેલ આરોપી ભીમાભાઇ ઉર્ફે ભીમો કરશનભાઇ ટાપરીયાને પોલીસ કસ્ટડી સમય પુરો થતા નામદાર કોર્ટમાં રજુ કરી રીમાન્ડની માગણી કરતા ૪ દિવસના પોલીસ રીમાન્ડ




મંજુર થયેલ હતા.

અને રીમાન્ડ દરમ્યાન આરોપીની આગવી ઢબે યુકિત પ્રયુકિતથી પૂછપરછ કરતા આરોપી ભીમાભાઈ ઉર્ફે ભીમાએ જણાવેલ હતું કે આજ થી પાંચ-છ મહિના પહેલા હથિયાર પીસ્ટલ પોતે જુનાગઢના વતની ઈશાંત ભીમાભાઈ જોષી કે જેઓ મરણજનારની પથ્થરની ખાણમાં પાર્ટનર હોય તેની પાસેથી હથિયાર પીસ્ટલ મેળવેલ હોવાની હકીકત આવતા પી એસ આઈ પી.જે.બાંટવા, નવાબંદર મરીન પોલીસ સ્ટેશનના સર્વેલન્સ સ્કોડ ટીમ બનાવી હતી.

અને હથિયાર પૂરું પાડનાર ઈશાંત ઉર્ફે ઈશાન્ત ઉર્ફે દાદા ભીમાભાઈ જોષી રહે. જુનાગઢ વાડલા ફાટક વાળાને પકડી પાડેલ હતો. અને આ શખ્સને વધુ પુછપરછ કરતા પોતે મર્ડરમા વપરાયેલ હથિયાર પીસ્ટલ ભીમાભાઈ ઉર્ફે ભીમો કરશનભાઈ ટાપરીયા ગઢવીને આપેલ હોવાની કબુલાત કરી હતી. જેથી પોલીસે ઈશાંત ઉર્ફે ઈશાન્ત ઉર્ફે દાદા ભીમાભાઈ જોષીની અટક કરી ધોરણસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.

**પકડાયેલ આરોપીનો ગુન્હાહીત ઈતિહાસ**

ઓલવાણ સીમમાં યુવાનની હત્યા કરનાર શખ્સને હથિયાર બંધુક પુરી પાડનાર ઈશાંત ઉર્ફે ઈશાન્ત ઉર્ફે દાદા ભીમાભાઈ જોષીના ગુન્હાહીત ઈતિહાસ જેમાં માંગરોળ, રાજકોટમાં હત્યાના ગુન્હામાં, જામનગર, રાજકોટ, જુનાગઢ આમ અલગ અલગ વિસ્તારોમાં ગુન્હામાં પોલીસ ફરીયાદ નોંધાયેલ છે.

# ગીરગઢડાના મહોબતપરા ગામે ગીર ગુંજન વિદ્યાલય ખાતે વાર્ષિકોત્સવ યોજાયો




ગીરગઢડા:ગીરગઢડાના મહોબતપરા ગામે આવેલ ગીર ગુંજન વિદ્યાલયમા વાર્ષિકોત્સવ, આનંદ મેળો તથા બિઝનેસ ફેરનું આયોજન કરવામાં આવ્યું હતું. તેમા બાળકો દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ અને કરાટે સહિતની વિવિધ કલા રજૂ કરવામાં આવી હતી. જેમાં આગેવાની, ગ્રામજનો, વાલીઓ, વિદ્યાર્થીઓ સહિત વિવિધ ક્ષેત્રના તજજ્ઞો ઉપસ્થિત રહ્યા હતા. અને આ કાર્યક્રમ બાળકોને પ્રોત્સાહન કરી સફળ બનાવેલ હતો.

આ કાર્યક્રમમા ધોકડવા ગામ સહિતના ગીરગઢડા તાલુકાના આગેવાનો તેમજ જીલ્લા કારોબારી ચેરમેન ડાયાભાઈ જાલોંધરા, તાલુકા પંચાયત ઉપપ્રમુખ પ્રતિનિધિ ભીખાભાઈ કિડેચા, તાલુકા સદસ્ય દુલાભાઈ ગુર્જ્જર, ચેમ્બર ઓફ કોમર્સ પ્રમુખ મનુભાઈ કવાડ, તાલુકા પંચાયતના હોદ્દેદારો, વાલીગણ, ગીરગઢડા તાલુકાનો શિક્ષકગણ, આસપાસના ગામના આગેવાનો લોકો ઉપસ્થિત રહ્યા હતા. તથા વિવિધ ક્ષેત્રના તજજ્ઞો, ડો. અરવિંદભાઈ કાતરીયા, ડો.ઘેલજીભાઈ કલસરિયા, ડો.સાગરભાઈ, ડો.ગુજ્જર, ડો.લાલજીભાઈ બલદાણિયા, ડો.જીજ્ઞેશભાઈ બોરડ, ડો.ભરતભાઈ કાતરીયા, ડો.જાદવભાઈ રામ અને જિલ્લા ખાણ ખનીજ અધિકારી ભરતભાઈ જાલોંધરાએ સહીત ઉપસ્થિત રહી બાળકોને પ્રોત્સાહન આપેલ હતું. સંસ્થાના ટ્રસ્ટીઓ મંગળભાઈ કાછડ, મુકેશભાઈ જાલોંધરા, નારણભાઈ નકુમ, રમેશભાઈ રામ, અને મે.ટ્રસ્ટી વાઘમશી દ્વારા મહેમાનોને આવકારી સન્માનિત કરવામાં આવ્યા હતા.

આ કાર્યક્રમને સફળ બનાવવા ગીર ગુંજન વિદ્યાલયના શૈક્ષણિક અને બિન શૈક્ષણિક સ્ટાફ દ્વારા સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન કરવામાં આવ્યું હતું. ગીરગઢડાના મહોબતપરા ગામમાં તાલુકાનો પ્રથમ એવી શાળા છે જેમાં કરાટે તાલીમ તેમજ બિઝનેસ, જેવા કોષ કરાવવામાં આવે છે.

# અમરેલીમાં ૨૮ વર્ષિય યુવતી સાથે ઓડીશાના શખ્સે દુષ્કર્મ આચર્યું

## વીડિયો વાયરલ કરી પરિવારને મારી નાખવા ધમકી આપી

અમરેલી:

અમરેલીમાં ૨૮ વર્ષિય યુવતી સાથે ઓડીશાના શખ્સે દુષ્કર્મ આચર્યું હતું. આ શખ્સે અહીંની હોટલમાં યુવતી સાથે શરીર સંબંધ બાંધીને વીડીયો ઉતારી વાયરલ કર્યો હતો. અને યુવતીના પરિવારને મારી નાખવાની ધમકી આપી હતી. આ અંગે અમરેલી સીટી પોલીસ મથકમાં યુવતીએ ફરિયાદ નોંધાવતા પોલીસે વધુ તપાસ હાથ ધરી હતી.અમરેલી



સીટી પોલીસ મથકમાં ૨૮ વર્ષિય યુવતીએ નોંધાવેલી ફરિયાદમા જણાવ્યું હતું કે ઓડીશાના રોહિત ચાંચલભાઈ કલતા અને તે અગાઉ સ્પીનીંગ મીલમાં કામ કરતા હતા. વરસડા આસપાસ બંનેની ઓળખાણ થઈ હતી. ત્યારે ઓડીશાના રોહિત કલતાએ અમરેલીની એક હોટલમાં દુષ્કર્મ આચર્યું હતું. અને તેનો વીડીયો ઉતારી વાયરલ કર્યો હતો. ઉપરાંત પરિવારને રોહિત કલતાએ મારી નાખવાની ધમકી આપી હતી. બનાવ અંગે પોલીસે ફરિયાદ નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

# કોવાયામાં સાવજે ગાયનું મારણ કર્યું, લોકોમાં ભય

રાજુલા:રાજુલાના કોવાયામાં અલ્ટ્રાટેક કંપનીની કોલોની બાજુમાં ગતરાત્રીના એક સિંહે ગાયને ફાડી ખાધી હતી. અહીં માઈન્સ વિસ્તારમાંથી સાવજે આવીને ગાયનું મારણ કર્યું હતું. અહીં અવાર-નવાર સાવજોના પ્રવેશી જવાથી કર્મચારીઓ અને લોકોમાં ભયનો માહોલ છવાયો હતો.રાજુલાના કોવાયામાં અલ્ટ્રાટેક કંપનીની માઈન્સ કોલોનીની બાજુમાં છે. કોલોનીની બાજુમાં એક ઝુંપડા પાસે બે ગાય ઉભી હતી. ત્યારે માઈન્સ વિસ્તારમાંથી એક સાવજ આવે છે. અને ગાયનું મારણ કરે છે. તેની વચ્ચે અન્ય એક ગાય આ દ્રશ્યને નિહાળતી હોવાના દ્રશ્ય સામે આવ્યા હતા.

અહીં વારંવાર સાવજો પ્રવેશી રહ્યા છે. જેના કારણે કર્મચારીઓમાં ફફડાટ ફેલાયો છે.અહીંના આસપાસ રહેલી માઈન્સને સાવજોએ પોતાનું રહેણાંક બનાવી લીધું છે. આ ઉપરાંત નિલગાય અને ભૂંડ હોવાથી સાવજોને ખોરાક પણ સરળતાથી મળી રહે છે. અહીંના વિસ્તારમાં રાત-દિવસ સાવજોની લટાર જોવા મળે છે. તેમજ ગામડાઓમાં પશુનું મારણ કરતા હોય છે. ત્યારે અહીં વન કર્મચારીઓનું પેટ્રોલીંગ વધારવા માટે કર્મચારીઓ અને લોકોમાં માંગણી ઉઠી હતી.

# ઉનામાં જીલ્લા કક્ષાનો હોમિયોપેથિક કેમ્પ યોજાયો

ઉના:તા.૧૦/૦૪/૨૦૨૪ બુધવાર ના રોજ કોળી સમાજ નો ચોરો,ભીમપરા વિસ્તાર,ઉના ખાતે હોમિયોપેથીક કેમ્પ યોજાયો હતો.ડો સેમ્યુઅલ હેનેમેન ના જન્મ દિવસ ને વિશ્વ હોમિયોપેથિક દિવસ નિમીતે ઉજવામાં આવે છે. આ જન્મ દિવસ નીમતે દીપ પ્રાગટય અને કેક કાપી કેમ્પ ખુલ્લો મુકવામાં આવ્યો હતો. ત સરકારી હોમિયોપેથિક દવાખાનું ઉના તથા સંવેદના ડેવલપમેન્ટ ફાઉડેશન – ગુજરાત ના પ્રમુખ રસિકભાઈ ચાવડા સહયોગથી ફી સર્વ રોગ નિદાન સારવાર હોમિયોપેથિક કેમ્પ નું આયોજન કરવામાં આવ્યું હતું. કેમ્પમાં અનેક દર્દીઓ એ લાભ લીધો હતો. આ કેમ્પ માં જીલ્લાના નામાંકીત હોમિયોપેથિક ડોકટરશ્રી ઓ ડો.એસ.બી.રૂપાપરા(મેડીકલ ઓફીસર-ઉના) ડો.ઋચિતા રાઠોડ (મેડીકલ ઓફીસર-ડોળાસા)



ડો.શીલા ગોહીલ (મેડીકલ ઓફીસર-કાજ) ડો.રાજુ ભમ્મર (મેડીકલ ઓફીસર-સરખડી) ડો.સ્વાતિ સોલંકી (મેડીકલ ઓફીસર-ડારી) ડો.સંજય કેશવાલા(મેડીકલ ઓફીસર-તાલાળા) એ સેવા આપી હતી.આ કેમ્પ મા સરકારી હોમિયોપેથિક દવાખાનું ઉના તથા સંવેદના ડેવલપમેન્ટ ફાઉડેશન - ગુજરાત ના રસીકભાઈ ચાવડા ના સહકાર થી આયોજન કરવમાં આવેલ હતું. તમામ એ કાર્યક્રમ ને સફળ બનાવવા જહેમત ઉઠાવી હતી.

# ૧૦ વર્ષના બાળકે તેની સાથે ભણતી બાળકીની છેડતી કરી!

## બાળકને ઠપકો આપતા બાળકીના પિતાને ધોકાથી માર મારતા સિવિલ હોસ્પિટલમાં સારવાર હેઠળ

રાજકોટ:ઘણી વખત સાંભળવા મળ્યું હશે કે કળયુગ તેની ચરમસીમાએ છે. આ વાતને સમર્થન આપતા કિસ્સાઓ પણ સમયાંતરે પ્રકાશમાં આવે છે. રાજકોટમાં એક એવો કિસ્સો સામે આવ્યો છે તે જાણી સૌ અચંબિત થઈ જાય. અહીં રાજકોટના આજીડેમ ચોકડી વિસ્તારમાં આવેલા એક એપાર્ટમેન્ટમાં ૧૦ વર્ષના બાળકે, ૧૦ વર્ષની બાળકીની છેડતી કરી હતી.બાળકીએ આ વાત પોતાના પિતાને કરી. પિતાએ બાળકને ઠપકો આપતા બાળકના પિતા ઉપરાણું લઈને આવ્યા. આ પછી ઝઘડો થયો. મારામારી થઈ. જેમાં બાળકીના પિતાને ઈજા થતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.બનાવની વિગત મુજબ, આજીડેમ ચોકડી પાસે એક એપાર્ટમેન્ટના ઈવિંગમાં બાળકીનો પરિવાર રહેતો હતો. જ્યારે આ જ એપાર્ટમેન્ટના એફ વિંગમાં બાળકનો પરિવાર રહેતો હતો. બાલ્કનીમાં ઉભા ઉભા બાળક તેની સામેની વિંગમાં રહેતી બાળકીને ઈશારા કરતો. સાથે ભણતા હોવાથી આવતા જતા પણ છેડતી કરતો. એક વખત બાળકે બાળકીને વચલી આંગળી બતાવી અને આંખથી પણ ઈશારો કર્યો.

આ બધાથી કંટાળી બાળકીએ પોતાના માતા પિતાને વાત કરી પહેલી વખત બાળકીના માતા બાળકના માતાને મળ્યા અને આ વાત કરી. બાળક સમજી જતું કરવામાં આવ્યું. બાળકને સમજાવશે તેમ તેની માતાએ કહ્યું હતું. જોકે ગઈકાલે સાંજે ફરી બાળકે બાળકીને ઈશારા કરી પજવણી કરી. ફરી બાળકીએ પોતાના પિતાને વાત કરી.જેથી આ છોકરાના પિતાને વાત કરતા મામલો બીચકયો. ઝઘડો થતા બાળકીના પિતા પર ધોકા વડે બાળકના પિતા અને તેની સાથેના અન્ય શખ્સો તૂટી પડ્યા. માથામાં-શરીરે ઈજા થતાં ઈજાગ્રસ્તને સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. પોલીસે આ મામલે વધુ તપાસ હાથ ધરી છે.

# શેર એન્ડ કેર સંસ્થાએ ઝુંપડપટ્ટીના ૩૦ બાળકોને શિક્ષણ માટે પ્રેરિત કરી એડમિશન અપાવ્યું

અમરેલી:

અમરેલીમાં ઝુંપડપટ્ટીમાં રહેતા બાળકો શિક્ષણ પ્રત્યે પ્રોત્સાહિત થાય તે માટે શેર એન્ડ કેર સંસ્થા છેલ્લા આઠ વર્ષથી અભિયાન ચલાવી રહી છે. સંસ્થાએ ૧૮૦ જેટલા બાળકો અભ્યાસમાં આગ વધે તે માટે કામ કર્યું હતું. અત્યાર સુધીમાં અમરેલીમાં ૩૦ બાળકોને શિક્ષણ માટે પ્રેરીત કરી જુદી જુદી સંસ્થાઓમાં એડમીશન પણ અપાવ્યા છે. દર રવિવારે બે કલાક સુધી શેર એન્ડ કેર સંસ્થા છેવાડાના વિસ્તારમાં આવેલ ઝુંપડપટ્ટી વિસ્તારમાં બાળકોને પ્રાર્થના, રમત-ગમત સહિતની એક્ટીવીટી કરાવી બાળકોને શાળાએ જતા કરે છે.અમરેલીમાં શેર એન્ડ કેર સંસ્થાના ફાઉન્ડર રીયાઝભાઈ વેરસીયાએ જણાવ્યું હતું કે છેલ્લા ૮ વર્ષથી સાવરકુંડલા રોડ પર હુડકો વિસ્તાર, બ્રાહ્મણ સોસાયટી સહિત જુદા જુદા વિસ્તારમાં ૧૮૦ બાળકો શિક્ષણ પ્રત્યે આગળ ધપે અને શાળાએ પહોંચે તે માટે કામ કરી રહ્યા છે. નાના-ભૂલકાઓને શિક્ષણ માટે પ્રોત્સાહિત કરવામાં આવે છે. દર રવિવારે ગમત સાથે જ્ઞાન મળે તેવી એક્ટીવીટી કરાવાય છે. આ ઉપરાંત શેર એન્ડ કેર સંસ્થામાં મેમ્બર અને શુભેચ્છકો મળીને ૯૦ સભ્યો જોડાયેલા છે. અંકિતાબેન જોષી અને પામીનીબેન કંસારા દર રવિવારે બે કલાક સુધી બાળકો સાથે પ્રાર્થના, રમત-ગમત અને અભ્યાસ કરાવે છે. આ બંને બાળકો શિક્ષણ પ્રત્યે પ્રેરીત થાય તે માટે નિઃશૂલ્ક સેવા પુરી પાડે છે. અત્યાર સુધીમાં ૩૦ બાળકોને અભ્યાસ માટે પ્રેરીત કરી જુદી જુદી સંસ્થાઓમાં રહેવા, જમવા સાથે એડમીશન અપાવ્યું હતું. ૧૮૦માંથી ૨ બાળકોએ ચાલુ વર્ષે ધો. ૧૦ની બોર્ડની પરીક્ષા પણ આપી હતી. ઉપરાંત પાંચ બાળકો અત્યારે અમદાવાદમાં સંસ્થાઓમાં રહીને અભ્યાસ કરી રહ્યા છે.શેર એન્ડ કેર સંસ્થા અમરેલીના ઝુપડપટ્ટીના બાળકોને શિક્ષણ પ્રત્યે પ્રેરીત કરવાના અભિયાનની સાથે સાથે બાળ દિન, હોળી-ધૂળેટી અને ઉત્તરાયણ સહિતના તહેવારની ઉજવણી પણ બાળકો સાથે કરે છે.અમરેલીમાં શેર એન્ડ કેર સંસ્થાના રીયાઝભાઈએ જણાવ્યું હતું કે ઝુંપડપટ્ટીના બાળકો શાળાએ જતા થાય તે માટે તેમને જરૂરી મદદ પણ

# રાજકોટ જેલમાં ઈદની ઉજવણી : ૨૪૦ પુરૂષ, ૧૧ મહિલા બંદીવાને આખો માસ રોઝા રાખ્યા

## તમામ કેદીઓને જેલ અધિકારીઓએ ઇદ મુબારકની શુભકામના પાઠવવામાં

રાજકોટ,

પવિત્ર રમઝાન માસના સમાપન સાથે આજે રમઝાન ઈદની ઉજવણી થઈ હતી. શહેરની સેન્ટ્રલ જેલમાં પણ બંદીવાન હીન્દુ મુસ્લિમ કેદીઓએ રોઝા રાખી કોમી એકતાનું ઉદાહરણ પુરુ પાડ્યું હતું. જેલમાં કાચા પાકા, પાસાના મળી કુલ ૨૪૦ પુરૂષ અને ૧૧ મહિલા બંદીવાનોએ સંપુર્ણ માસના રોઝા રાખ્યા હતાં. આજે ઈદ હોઈ મૌલવી શાહબુદ્દીન અલી દ્વારા નમાઝ પઢાવવામાં આવી હતી. જેલ વિભાગ તરફથી તમામ કેદીઓને ખીરખુરમો પીરસવામા આવ્યો હતો. સંપુર્ણ કામગીરી જેલની શીસ્ત અને સલામતીને ધ્યાને રાખીને કરવામાં આવી હતી.



તેમજ તમામ કેદીઓએ પણ પુરતો સાથ સહયોગ આપેલ હતો અને આ સંપુર્ણ કાર્યક્રમ ખુબ જ હર્ષ ઉલ્લાસથી ઉજવવામાં આવ્યો હતો. આ કાર્યક્રમ અધિક્ષકશ્રી શિવમ વર્માની અધ્યક્ષતામાં નાયબ અધિક્ષકશ્રી એ.પી.જાડેજાના સુપરવિઝન હેઠળ સીનીયર જેલર બી.બી.પરમાર તેમજ અન્ય અધિકારી/કર્મચારીઓની જહેમતથી યોજાયો હતો. ઉપસ્થિત અધિકારીઓ દ્વારા તમામ કેદીઓને ઈદ મુબારકની શુભકામના પાઠવવામાં આવેલ હતી અને વહેલી તકે જેલ મુકત થઈ પોતાના પરીવાર સાથે રહે તેવી શુભકામના અને ઈદ નિમીતે ગુનાઓથી બચવા અને સત્કાર્યો કરવા મૌલાના દ્વારા શીખ આપવામાં આવી હતી.

ગુલઝારે મદીના એજ્યુકેશન એન્ડ હેલ્થ ટ્રસ્ટ દ્વારા સમગ્ર રમઝાન માસમાં ફ્રુટ, ગોળ, સરબત સીહતની સામગ્રી સામાજીક કાર્યકર ડો. એમ. કે. કાદરીના મુજબ મજીદભાઈ સમા, હનીફભાઈ માજોઠીએ ફિતારીની વ્યવસ્થા કરી હતી.

# રાજકોટ યાર્ડ બહાર ખેત જણસ ભરેલા વાહનોની ૮ કી.મી. સુધી કતારો લાગી

## યાર્ડમાં ૧ લાખ મણ ઘઉં અને ચણાની જંગી આવક : વાહનોને ક્રમશઃ પ્રવેશ અપાયો



રાજકોટ,

રાજકોટ યાર્ડમાં આજે વધુ ૧ લાખ મણ ઘઉં અને ચણાની જંગી આવકો થઈ હતી. ઘઉં, ચણા તથા અન્ય જણસીઓ ભરેલા ૧૨૦૦થી વધુ વાહનોની યાર્ડ બહાર ૮ કિ.મી. લાંબી કતારો લાગતા તમામ વાહનોને ક્રમશઃ પ્રવેશ અપાયો હતો. રાજકોટ યાર્ડના ચેરમેન જયેશભાઈ બોઘરા, તમામ ડીરેકટરો તથા યાર્ડના સ્ટાફે ખડેપગે રહી વિવિધ જણસીઓની ઉતરાઈની વ્યવસ્થા કરી હતી. ઘઉં અને ચણાનો જંગી જથ્થોઘ તથા વિવિધ જણસી ભરેલા વાહનોની લાંબી જોવા મળી હતી.

# પોલીસ સમાચાર

## રાજકોટમાં બાંધકામ કોન્ટ્રાકટરે ધંધામાં ખોટ જતાં ઝેરી દવા પીધી : સારવારમાં દાખલ

રાજકોટ,

રાજકોટ મોરબી રોડ પર ઉત્સવ સોસાયટીમાં રહેતાં અને બાંધકામ કોન્ટ્રાકટર તરીકે કામ કરતાં વસંતભાઈ ભીખાભાઈ કાકડીયા (ઉ.વ.૫૫)એ બેડી ગામ પાસે ગેલેક્સી હોટેલની બાજુમાં ઝેરી દવા પી આપઘાતનો પ્રયાસ કરતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાતાં કુવાડવા પોલીસને જાણ કરવામાં આવી હતી.વસંતભાઈ કન્ટ્રકશનનું કામ કરે છે. તે ચાર ભાઈ અને બે બહેનમાં મોટા છે. સંતાનમા બે પુત્ર છે. તેમના કહેવા મુજબ તેણે સેટેલાઈટ ચોકમાં મધુવન સોસાયટીમાં બે માળના મકાન બાંધકામનું કામ રાખ્યું હતું. આ મકાન બની ગયા બાદ મજુરીના આઠ લાખ આપવામાં આવ્યા નહોતા અને મકાન ગમતું નથી કહી પાડી નાખ્યું હતું. આ કારણે પોતાને ખોટ આવી હતી. મજૂરોને ચુકવવાના પૈસા પણ ન હોઈ ટેન્શનને લીધે આ પગલુ ભર્યુ હતું.

## રાજકોટના શાપર વેરાવળમાં આધેડે ફાંસો ખાઇ જીવ દીધો

રાજકોટ,

રાજકોટ શાપર વેરાવળમાં ગોવિંદનગરમાં રહેતાં અરવિંદભાઈ નાનજીભાઈ જાદવ (ઉ.વ.૪૫) નામના આધેડે ઘરે ગળાફાંસો ખાઈ લેતાં મોત થયું હતું. મૃતદેહને ફોરેન્સિ ક પોસ્ટજમોર્ટમ માટે રાજકોટ ખસેડાયો હતો.

આપઘાત કરનાર અરવિંદભાઈ ત્રણ ભાઈમાં મોટા હતાં અને છુટક મજૂરી કરતાં હતાં. સંતાનમાં એક પુત્ર અને એક પુત્રી છે. પોતે હાલ એકલવાયુ જીવન જીવતા હોઈ કંટાળી જઈ આ પગલુ ભર્યાની શક્ય તા પોલીસે જણાવી હતી.

## રાજકોટ સજાના વોરંટમાં બે વર્ષથી ફરાર આરોપી ઝડપાયો

રાજકોટ,

સજાના વોરંટમાં બે વર્ષથી ફરાર કુંભારવાડાના જયદીપ મચ્છોયાને એ ડીવીઝન પોલીસે બસપોર્ટ પાછળથી દબોચી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. પ્રાપ્ત વિગત મુજબ એ ડીવીઝન પોલીસ મથકના પીઆઈ આર.જી.બારોટની રાહબરીમાં એએસઆઈ એમ.વી.લુવા, હેડ કોન્સ્ટેબલ કલ્પેશ બોરીચા, રઘુવીર ઈસરાણી સહિતનો સ્ટાફ પેટ્રોલીંગમાં હતો ત્યારે એસ.ટી. બસપોર્ટના પાછળના ભાગે જય અંબે ચા પાસેથી છેલ્લા બે વર્ષથી સજાના વોરંટમાં નાસતા ફરતા જયદીપ વિનોદ મચ્છોયા (રહે. કુંભારવાડા શેરી નં.૧૨, કેનાલ રોડ)ને પકડી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## જુનાગઢના યુવાનનો જંગલ વિસ્તારમાં ગળેફાંસો ખાઇ આપઘાત

જુનાગઢ,

જુનાગઢમાં રાત્રે બીલખા રોડ પર આંબેડકર નજીક જંગલની દીવાલ પાસે ઝાડ સાથે માનવ મૃતદેહ લટકતો હોવાની માહિતી મળતા પોલીસ કાફલો દોડી ગયો હતો. પ્રાથમિક તપાસમાં મૃતક આંબેડકર નગરમાં રહેતો હિરેન બાબુભાઈ ભાસ્કર ઉ.વ. ૨૫ નામનો યુવાન ખુલ્યું હતું.આ યુવાને ગિરનાર જંગલની દીવાલ પાસેના ઝાડ સાથે ચુંદડી વડે લટકીને મોતને મીઠું કરી લીધું હતું. પોલીસે યુવકના મૃતદેહને પોસ્ટ મોર્ટમ માટે મોકલી આપી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.આત્મ હત્યાં પાછળનું કારણ બહાર નહીં આવતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# રાજકોટ બી.ડિવિઝન પોલીસ મથકમાં શાંતિ સમિતિની બેઠક મળી

રાજકોટ,

રાજકોટ બી.ડિવિઝન પોલીસ મથક વિસ્તારમાં રહેતા હિન્દૂ મુસ્લિમ આગેવાનોની હાજરીમાં શાંતિ સમિતિની બેઠક મળી હતી.

પોલીસ કમિશ્નર રાજુ ભાર્ગવ તથા અધિક પોલીસ કમિશ્નર વિધી ચૌધરી, ડીસીપી ઝોન ૧ સજનસિંહ પરમાર ઉત્તર વિભાગ એસીપી આર.એસ.બારીઆના માર્ગદર્શન હેઠળ પીઆઈ એસ.એમ.જાડેજાએ બી ડિવિઝન પોલીસ સ્ટેશન વિસ્તાર



હદમાં રહેતા હિન્દુ-મુસ્લીમ સમાજના આગેવાનો સાથે ચેટીચાંદ, ઈદ, ડો.બાબાસાહેબ આંબેડકર જયંતિ, રામ નવમી વિગેરે તહેવાર અનુસંધાને શાંતી જળવાઈ રહે અને કોમી એકતા જળવાય રહે તે હેતુથી બી ડીવીઝન પોલીસ સ્ટેશન ખાતે મીટીંગનું આયોજન કરવામાં આવેલ.

જેમાં સમાજના આગેવાનો હાજર રહેલ અને દરેકને ઉપરોક્ત તહેવારો નિમિતે શાંતી અને કોમી એકતા જાળવી રાખવા અને સોશ્યલ મીડીયાના ખોટા દુર ઉપયોગથી વાયરલ થતા મેસેજોથી કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે સંબંધે સમજ કરેલ અને તમામ આગેવાનો એ પોતાના સમાજના માણસોને વિનંતી કરી સહયોગ આપવા જણાવવામાં આવેલ જેમાં આગેવાનો એ સહમતી દર્શાવેલ અને આગામી તહેવારોની શાંતિ પુર્વક કોમી એકતા સાથે ઉજવણી થાય તેવી દરેકે ખાત્રી આપેલ હતી.

# રાજકોટ રાજલક્ષ્મી સોસાયટીમાં કોલેજીયન યુવાનનો ગળાફાંસો ખાઈ આપઘાત

રાજકોટ,

રાજકોટ કોઠારીયા રોડ પર રાજલક્ષ્મી સોસાયટીમાં રહેતાં અને કોલેજમાં અભ્યાસ કરતાં યુવાને ગળાફાંસો ખાઈ આત?મહત્યા કરી લેતાં પરિવારમાં અરેરાટી વ્યોપી ગઈ છે. આ યુવાન માતા-પિતાનો એકનો એક પુત્ર હતો.જાણવા મળ્યાઈ મુજબ રાજલક્ષ્મી સોસાયટીમાં રહેતાં રાજ મહેશભાઈ લુણાગરીયા (ઉ.વ.૨૦) નામના યુવાને રાતે નવેક વાગ્યે ગળાફાંસો ખાઈ લેતાં પરિવારજનને જાણ થઈ જતાં બેભાન હાલતમાં નીચે ઉતારી સારવાર માટે સિવિલ હોસ્પિ?ટલમાં ખસેડયો હતો. પરંતુ અહિ ટુંકી સારવારને અંતે દમ તોડી દેતાં પરિવારમાં કલ્પાં ત સર્જાયો હતો.હોસ્પિટલ ચોકીના રામશીભાઈ વરૂ, કેતનભાઈ નીકોલા સહિતે જાણ કરતાં ભક્તિ નગર પોલીસ સ્ટે્શનના પીએસઆઈ પી. એસ. ગોહિલ સહિતે કાર્યવાહી કરી હતી. આપઘાત કરનાર રાજ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં અભ્યાસ કરતો હતો. તેના પિતાને પાનનો ગલ્લો છે. રાજ માતા-પિતાનો એકનો એક પુત્ર હતો. પોલીસે આપઘાતનું કારણ જાણવા તપાસ યથાવત રાખી છે.

# રાજકોટના કોઠારીયા સોલવન્ટ ગુ.હા.બોર્ડ ક્વાર્ટરમાં યુવાનનો અકળ કારણોસર આપઘાત

રાજકોટ,

રાજકોટ કોઠારીયા સોલવન્ટ ગુ.હા. બોર્ડ ક્વાર્ટર નં. ૯૫૬માં રહેતાં સુનિલભાઈ ઉમેશભાઈ સોલંકી (ઉ.વ.૩૨) નામના યુવાને પંખાના હુકમાં દોરી બાંધી ગળાફાંસો ખાઈ આપઘાત કરી લેતાં અરેરાટી વ્યાપી ગઈ હતી. સુનિલભાઈ બે ભાઈ અને એક બહેનમાં મોટો અને કુંવારો હતો. તે ડ્રાઈવીંગ કરી ગુજરાન ચલાવતો હતો. માતા-પિતા હયાત ન હોઈ નાના ભાઈ મોહિત સાથે રહેતો હતો. રાતે નાનો ભાઈ બહારથી ઘરે આવ્યો ત્યારે મોટા ભાઈને લકટતો જોતાં કલ્પાંયત સર્જાયો હતો. ૧૦૮ના ઈએમટી તબિબે તેને મૃત જાહેર કરતાં આજીડેમના હેડકોન્સ. એચ. એમ. ધરજીયાએ કાર્યવાહી કરી હતી. આપઘાતનું કારણ બહાર ન આવતાં તપાસ યથાવત રખાઈ હતી.

# રાજકોટ એસ.ટી. ડીવીઝનના ૯ ડેપો ઉપરથી ૧૧૨૬ બોર્ડ - બેનર - હોર્ડીંગ દૂર કરાયા



રાજકોટ,

રાજકોટ એસ.ટી. ડીવીઝનલ નિયામક શ્રી કલોતરાની સૂચના બાદ ડિવીઝનના ૯ ડેપો રાજકોટ-ગોંડલ-મોરબી-જસદણ-વાંકાનેર-ચોટીલા-લીંબડી-ધ્રાંગધ્રા તથા સુરેન્દ્ર નગર ડેપો ઉપરથી અને તમામ ૫૦૦ જેટલી બસોની અંદર-બહાર સરકારી જાહેરાતોના ૧૧૨૬ બોર્ડ બેનર-હોર્ડીંગ-દૂર કરી આચાર સંહિતાનો કડક અમલ કરાયો હતો.તમામ ડેપોમાં આવતી જતી બસમાં આચાર સહિતા ભંગ થતાં લખાણ સૂત્રો દૂર કરાયા હતા.

# જુનાગઢ પોલ્યુશન કંટ્રોલ બોર્ડની ઓફિસમાં ચોરી કરનાર ઝડપાયો

જુનાગઢ,

વિભાગ જુનાગઢ રેન્જરના નાયબ પોલી મહાનિરીક્ષક નિલેશ જાજડીયા અને પોલીસ અધિક્ષક હર્ષદ મહેતા ની સુચનાથી તસ્કરને ઝડપી લેવાયો છે.પોલીસે એજાજશાહ ઈસ્માનઈલશાહ રફાઈ જાતે.ફકીર, રહે.જુનાગઢ સુખનાથ ચોક, ખાપરા કોઢીયાની ફુફા પાસની ધરપકડ કરીને ફોર્ટ ઇ કંપનીનું મશીન નંગ-૦૧ કિ.રૂ.૧૦,૦૦૦/-, રીયલમી એન્ડ્રોસઈડ મો.ફોન નંગ-૦૧ કિ.રૂ.૧૦,૦૦૦/-, ગેસનો બાટલો મોટો નંગ-૦૧ કિ.રૂ.૫,૦૦૦/-, ગેસના બાટલા નંગ-૦૨ કિ.રૂ.૫,૦૦૦/- જપ્તર કરેલ છે.



આ કામગીરી એ ડીવી.પો.સ્ટે..ના પો.ઈન્સર. વી.જે. સાવજ ગુન્હાએ નિવારણ શાખાના પો.સ.ઈ.ઓ.આઈ. સીદી, એ.એસ.આઈ સુરતાજ સાંઘ, પો.હેડકોન્સ. કિરણ રાઠોડ, રામભાઈ ચાવડા, સાજીદખાન બેલીમ, જુવાન લાખણોત્રા, વિક્રમ છેલાણા, નરેન્દ્ર બાલસ, ભરત ઓડેદરા, નીલેષ રાતીયાએ કરેલ છે

# જૂનાગઢના નિવૃત ASIનું હાર્ટએટેકથી મોત

જુનાગઢ,

જૂનાગઢના નિવૃત એએસઆઈ શામળજીભાઈ સેજપાલનું હાર્ટ એટેકથી મોત થયાનું જાણવા મળેલ છે.

જુનાગઢ શહેરના મધુરમ વિસ્તાસરમાં ત્રિલોકનગર પાછળ આવેલ જગન્નાથપુરી સોસાયટીમાં રહેતા નિવળત્ત એએસઆઈ શામળજીભાઈ રામજીભાઈ સેજપાલ ઉ. વ. ૬૮ને ઉધરસ આવતી હોય અને છાતી તેમજ પીઠના ભાગે દુખાવો થતા તેમને બેભાન હાલતમાં જુનાગઢની સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા.પરંતુ ફરજ પરના તબીબે હાર્ટ એટેક આવવાથી શ્વાસ ન લઈ શકતા શામળજીભાઈ સેજપાલનું મોત થયાનું જાહેર કર્યું હતું.

આ અંગે સી ડિવિઝન પોલીસે મળતકના પુત્ર ધર્મેશભાઈ સેજપાલનું નિવેદન લઈ આગળની કાર્યવાહી કરી હતી. વધુ તપાસ મહિલા પોલીસ જમાદાર એમજી વારસૂર ચલાવી રહ્યા છે.

# રાજકોટમાં બાઈક સ્લીપ થતાં ઘવાયેલા યુવાનનું સારવારમાં મોત

રાજકોટ,

રાજકોટના ભગવતીપરામાં સ્વામિનારાયણ ડેરી પાસે રહેતો મનોજભાઈ ચકુભાઈ ઝરમરીયા (ઉ.વ.૨૭) નામનો યુવાન સવારે ઘરે બેભાન થઈ જતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો. પરંતુ અહિ મોત નિપજતાં પરિવારમાં શોક છવાઈ ગયો હતો.

મૃત્યુ પામનાર મનોજભાઈ બે ભાઈમાં નાનો હતો. સંતાનમાં એક પુત્ર અને એક પુત્રી છે. હાલમાં તે મરચાની મીલમાં કામ કરતો હતો. ગત તા. ૬/૪ના રોજ બાઈકમાં પત્નિ કિરણબેનને બેસાડીને જતો હતો ત્યારે કુતરૂ આડે આવતાં બાઈક સ્લીપ થયું હતું. સારવાર બાદ સિવિલમાંથી રજા અપાઈ હતી. આજે ફરી બેભાન થઈ ગયા બાદ મૃત્યુ થયું હતું. તેને અન્ય બિમારી પણ હતી. હોસ્પિટલ ચોકીના રામશીભાઈ વરૂ, કેતનભાઈ નિકોલા સહિતે બી-ડિવીઝનમાં જાણ કરી હતી.

# જૂનાગઢના આયુર્વેદિક સીરપ પ્રકરણમાં આરોપીઓ જેલહવાલે

જૂનાગઢ,

જૂનાગઢમાં ૩૪૧૬ બોટલ આયુર્વેદિક સીરપ મામલામાં રિમાન્ડમ રિમાન્ડર નામંજૂર થતાં આરોપીઓને જેલમાં ધકેલી દેવામાં આવ?યાં હતાં.જોષીપરાના આંબાવાડી વિસ્તાહરમાં આશિયાના સોસાયટી પાસે આવેલ ઓમ શિવ પાન એન્ડ્ કોલ્ડ્રીંક્સા નામની દુકાન ધરાવતા મુકેશ ઘનશ્યીમભાઈ બજાજની દુકાન અને તેના રહેણાંક મકાનમાં ૯ જૂન ૨૦૨૩ના રોજ ક્રાઈમ બ્રાન્ચેત દરોડો પાડી રૂપિયા ૫,૦૯,૨૩૪ની કિંમતની આયુર્વેદિક સીરપની ૩૪૧૬ કબજે લઈ તેના સેમ્લપ થ્થકરણ માટે મોકલાયા હતા. અને એફએસએલના અભિપ્રાય મુજબ આયુર્વેદિક સીરપમાં ઈથાઈલ આલ્કોહોલ અને આઈસો પ્રોપાઈલ આલ્કોહોલની હાજરી હોવાનું જણાયું હતું.

આથી આયુર્વેદિક સીરપના નામે કેફી પીણાનું ઉત્પાદન કરી તેમાં ઈથાઈલ આલ્કોયહોલ અને આઈશો પ્રોપાઈલ આલ્કોનહોલની ભેળસેળ કરી લોકો સાથે વિશ્વાસઘાત આચરી લોકોના સ્વાસ્થ્ય સાથે ચેડા કરવાના ઈરાદે હર્બલ સિરપના નામે વેચાણ કરવા સબબ ૮ એપ્રિલના રોજ ક્રાઈમ બ્રાન્ચના પીએસઆઈ ડી. કે. ઝાલાએ મુકેશ બજાજ, આદિલ દાઉદ મૂલ્લા અને ભાવનગરના લખધીરસિંહ જાડેજા સામે ગુનો દાખલ કરાવી મુકેશ અને આદિલની ધરપકડ કરી હતી. તપાસનીશ બી ડિવિઝનના પીએસઆઈ આર. એમ. વાળાએ બંને આરોપીને રિમાન્ડની માગણી સાથે રજૂ કરતાં કોર્ટે રિમાન્ડખ નામંજૂર કરી જેલમાં મોકલી આપવા હુકમ કર્યો હતો. આ પ્રકરણમાં ફરાર ભાવનગરના લખધીરસિંહને ઝડપી લેવા તેની શોધખોળ પોલીસે હાથ ધરી છે

## CHANG OF NAME

"I have undersigned that I have changed my name from RASILABEN VINODKUMAR PATEL to **RASILABEN VINODBHAI PATEL** Now I will be known by new name **RASILABEN VINODBHAI PATEL**

# રાજકોટમાં IPL મેચ પર સટ્ટો રમતો શખ્સ પકડાયો

રાજકોટ,

રાજકોટ શહેરના કોઠારીયા રોડ પર નિલકંઠ સિનેમા સામે આનંદનગર-૩ બ્લોતક નં. ૨૦ ક્વા ર્ટર નં. એલ-૨૩૧માં રહેતાં ધવલ કિરીટભાઈ સેજપાલ (ઉ.વ.૩૧)ને કોઠારીયા રોડ નિલકંઠ સિનેમા સામે ધવલ મોબાઈલ શોપ નજીક મહાદેવ ચાઈનીઝ રેંકડી પાસેથી ક્રિકેટ મેચ પર સટ્ટો રમતાં પકડી લેવાયો હતો.ધવલ મોબાઈલ ફોનમાં ક્રિકેટ લાઈન ગુરૂ નામની એપ્લીધકેશન મારફત આઈપીએલની રાજસ્થાંન રોયલ અને ગુજરાત ટાઈટનની મેચ પર સટ્ટો રમતો હતો. તે જેની પાસે કપાત કરાવતો હતો તે શખ્સપના મોબાઈલ નંબર મળતાં ધવલ અને આ મોબાઈલ નંબરના ધારક વિરૂધ્ધો ગુનો નોંધી મોબાઈલ ફોન કબ્જેક કરી વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

સૌરાષ્ટ્ર આજતક
Owner : Leela News Network Pvt. Ltd, Printer & Publishser Komalkant Fakirchand Sharma, On behalaf of Leela News Network Pvt. Ltd. Printed at 2/6 Ghanchiwad, Near jilla Garden, Rajkot Published at Pramukh Swami Arcde, 7th floor, Rajkot.Editor: Rajesh Kiritbhai Dave (Responcible for News editing as per PRB ACT) Saurashtra AajTak has no connection or association with Aaj Tak of T.V. Today Network.

સૌરાષ્ટ્ર આજતક

## કર્ણાટકમાંમાં કોંગ્રેસની અગ્નિપરીક્ષા

આગામી લોકસભાની ચૂંટણીમાં ચારે બાજુ ભાજપનો જય જય કાર થશે પરંતુ ઈન્ડીક ગઠબંધન ના વળતા પાણી થશે. ગુજરાતમાં વાદવિવાદ ચાલી રહ્યા છે બીજું કર્ણાટકમાં કોંગ્રેસની અગ્નિ પરીક્ષા થવાની છે મૈસૂર રાજ્ય પ્રગતિશીલ રાજ્યોની પ્રથમ હરોળમાં આવ્યું હતું. ભારતીય કોંગ્રેસના બેલગામ અધિવેશનમાં (૧૯૨૪) કર્ણાટકના એકીકરણ માટે વિચારણા થઈ હતી. આઝાદી બાદ ૧૯૫૬ સુધી ભારત સાથે જોડાણ સ્વીકારીને મૈસૂર ‘બી’ વર્ગનું રાજ્ય બન્યું. તેનો વિસ્તાર ૮૬,૨૭૩ ચોકિમી. અને વસ્તી ૯૮,૪૮,૬૪૮ હતાં. મુંબઈ રાજ્યનો ૫૪,૪૬૪ ચોકિમી. અને ૫૧,૩૫,૭૪૬ વસ્તીવાળો, હૈદરાબાદ રાજ્યનો ૩૫,૬૮૭ ચોકિમી. અને ૨૭,૧૮,૨૯૬ વસ્તીવાળો, તમિલનાડુનો ૧૧,૨૨૩ ચોકિમી. અને ૧૪,૬૯,૮૨૫ વસ્તીવાળો અને કૂર્ગનો ૪૧૧૦ ચોકિમી. અને ૨,૨૯,૪૦૫ વસ્તીવાળો પ્રદેશ મૈસૂરમાં ૧૯૫૬માં ભળ્યો હતો. નવેમ્બર, ૧૯૭૩થી આ પ્રદેશને હાલનું કર્ણાટક નામ મળ્યું છે. આવા કર્ણાટકમાં આગામી કર્ણાટક ચૂંટણીનું પરિદ્રશ્ય સમજવા જેવું છે

આઝાદી બાદ ભારતસંઘમાં જોડાયા પછી મૈસૂરમાં જે ઘટનાઓ બની તેમાં ૧૯૫૨માં કે. હનુમંતૈયા મૈસૂર રાજ્યના મુખ્ય પ્રધાન બન્યા તે છે. ગાંધીવાદી અને બિનમજહબી વિચારસરણીને વરેલા હોવાથી તેમણે કોમવાદને જાકારો દીધો અને જ્ઞાતિવાદ ઉપર આધારિત રાજકીય જૂથોને ટેકો આપવા ઇનકાર કર્યો. આ કારણે તેમની જ્ઞાતિ તેમનાથી વિમુખ બની. વધુમાં લિંગાયતપ્રેરિત હૈદરાબાદ, તમિલનાડુ અને જૂના મુંબઈ રાજ્યના કન્નડભાષી પ્રદેશોને મૈસૂર સાથે જોડવાની હિલચાલને તેમણે ટેકો આપ્યો. આ કારણે રાજકારણમાં વોક્કલિંગા જાતિના વર્ચસ્ને આંચ આવે તેમ હતું. કારણ કે જૂના મૈસૂર રાજ્યમાં લિંગાયતો લઘુમતીમાં હતા. આમ વોક્કલિંગા જાતિનું વર્ચસ્ દૂર થવાની ભીતિથી તે હનુમંતૈયાની વિરુદ્ધ થઈ ગયા અને તેમને મૈસૂરનું મુખ્ય પ્રધાનપદ છોડવું પડ્યું. પણ મધ્યસ્થ પ્રધાનમંડળમાં સ્થાન મળતાં તેમણે રાષ્ટ્રીય રાજકારણમાં પ્રવેશ કર્યો.

કેરળ, તમિલનાડુ, મહારાષ્ટ્ર, આંધ્રપ્રદેશ અને તેલંગણાની સીમા સાથે જોડાયેલા એક માત્ર ભાજપ શાસિત દક્ષિણી રાજ્ય કર્ણાટકમાં ૧૦મી મેએ વિધાનસભાની ચૂંટણી યોજાશે. આ ચૂંટણી કોંગ્રેસની અગ્નિપરીક્ષા અને ભાજપ માટે ફરી સત્તામાં આવવા માટેનો પડકાર છે. ૩૮ વર્ષોના ઇતિહાસમાં કર્ણાટકમાં સત્તાધારી પક્ષની સત્તામાં બીજી વાર વાપસી નથી થઈ, એ ભાજપ માટે પડકાર છે.

કર્ણાટકમાં ૧૬ ટકા મુસ્લિમો છે. રાજ્ય પ્રધાનમંડળે મુસલમાનોને ઓબીસી ક્વોટામાં મળતું ૪ ટકા અનામત રદ કર્યું છે. મુસ્લિમોએ હવે આર્થિક રીતે નબળા વર્ગના ૧૦ ટકા અનામતમાં પોતાનો હક લેવાનો રહેશે. બે મુખ્ય જાતિઓ લિંગાયત અને વોક્કાલિંગામાં આ અનામતની બે – બે ટકા વહેંચણી કરી છે. આ નિર્ણયને કારણે યેદિયુરપ્પા સામે નારાજગી છે, પરંતુ યેદિયુરપ્પાને પ્રભાવી લિંગાયત સમુદાયનું સમર્થન છે.

## ફ્રાઈડે ફોટો સ્ટોરી

-જયદીપ એ. દવે.



### નિલમબાગ ચોકમાં રોજ સર્જાતું " love " નહીં પણ " Dove" triagngle...!!!

સામાજિક જીવનમાં " **love triangle**" શબ્દ એટલે કે પ્રણય ત્રિકોણ શબ્દ ચારિત્ર્યની કક્ષાને નિમ્ન સ્તરે લઈ જનારો દર્શાવતો હોવાથી અળખામણો હોય પણ નીલમ બાગ ચોક માં આવેલ એક પોલ ( થાંભલો )ના ત્રણ એન્ગલ પર કબૂતર એટલે કે **Dove** ના સમૂહને છટાથી બેસેલા જોઈ મગજમાં સ્ફુરી આવેલો " **Dove triangle** " શબ્દ આ દ્રશ્ય જેટલો જ મનગમતો લાગે છે.

# ચૂંટણી પ્રચારની વસ્તુઓ વેચવામાં ગળાકાપ હરીફાઈ

### ચાઈનીઝ ઈ-કોમર્સ વેબસાઈટો પણ ભારતીય પાર્ટીઓના સિંબોલ સાથેના બલ્કમાં ઓર્ડર લેવા તૈયાર

આગામી લોકસભા ચૂંટણીનો દિવસ જેમ જેમ નજીક આવી રહ્યો છે તેમ તેમ ઈલેક્શનના માર્કેટમાં ગરમાવો આવી ગયો છે ત્યારે હવે દેશની ઈ-કોમર્સ વેબસાઈટમાં પણ ઈલેક્શનનો સામાન વધુ વ્યાપક રીતે મળવા લાગ્યો છે. ત્યાં સુધી કે ચાઈનીઝ ઈ-કોમર્સ વેબસાઈટો પણ ભારતીય પાર્ટીઓના સિંબોલ સાથેના બલ્કમાં ઓર્ડર લેવા તૈયાર છે.



## કરંટ ટોપિક

અત્યાર સુધી ઈલેક્શનને પ્રજા ઉત્સવ તરીકે ગણાતા ક્યાંય ઈલેક્શન સંબંધિત વસ્તુઓ કોઈ દુકાનમાં સીધી વેચાતી કે ખરીદાતી ન હતી. પરંતુ ઇલેક્શનના બિલ્લા, માસ્ક, ભાજપ-કોંગ્રેસની ટોપીઓ, ભાજપ-કોંગ્રેસની શાલ, રુમાલ, બિલ્લાઓ, સ્ટીકર, નરેન્દ્ર મોદી અને રાહુલ ગાંધીના માસ્ક કિંમત અને સ્કીમ સાથે વિવિધ કંપનીઓ ઈલેક્શનના બજારને ધ્યાનમાં લઈને વેચાઈ રહ્યા છે. આ ઉપરાંત હેવી ઈલેક્શન મટિરિયલ જેમ કે હીરાજડિત પક્ષના સિમ્બોલ પણ ઓનલાઈન વેબસાઈટો વીઆઈપીઓને ધ્યાનમાં રાખીને વેચી રહી છે.

એક કાર્યકર જણાવે છે કે ૮૦ના દાયકામાં જ્યારે ચૂંટણીઓ યોજાતી ત્યારે બિલ્લા, તોરણ, ટોપીઓનો ટ્રેન્ડ હતો. એ સમયે ટી.વી અને ઈન્ટરનેટ ન હતા એટલે ઈલેક્શનમાં કાગળનો ખૂબ ઉપયોગ થતો હતો. એક સ્થિતિ એવી પણ હતી કે ઈલેક્શન પતે ત્યારે ચાર રસ્તે, ગલીયોમાં અને ચોકમાં કાગળોના ઢગલા થતા. જો કે ચેનલોના આવ્યા પછી ધીમે ધીમે ભીંતો પરનો પ્રચાર કપડા સુધી સીમિત થઈ ગયો.

આજે સિન્થેટિક કાપડમાં પ્રિન્ટેડ પ્રતિકોનું ચલણ સૌથી વધુ ઉપયોગમાં લેવાય છે. ખભાનો ખેસ કાપડમાંથી બનાવવામાં આવે છે એ ઉપરાંત ટોપીઓ અને ઝંડાઓ કાપડમાંથી બનાવવામાં આવે છે. આ વખતે રેલીઓને ધ્યાનમાં રાખીને ઘણી કંપનીઓએ બાઈક અને સ્કૂટરમાં ઝંડા ટેકવી શકાય એવા સ્ટેન્ડ પણ બનાવ્યા છે.

વિવિધ વિસ્તારના કાર્યકરો એમ પણ જણાવે છે કે દરેક પાર્ટી કાર્યાલય પર ઈલેક્શનની જાહેરાતો વિના મૂલ્યે પ્રચારકોને મળતી હોય છે. બધું બલ્કમાં પણ જતું હોય છે. છતાં વ્યક્તિગત કે પોતાના ગ્રૂપમાં પ્રચાર કરવા માંગતા કાર્યકરો માટે આ ઈ-કોમર્સનો વિકલ્પ પણ છે.

ચાલીસ વર્ષ પહેલાં ઈલેક્શનમાં શર્ટ પરના વિવિધ પ્રકારના સેફટી પીનથી ભરાવી શકાય એવા બિલ્લાઓનું ચલણ હતું. તેની સામે હવે પાર્ટીઓના વિવિધ બિલ્લાઓ તો મળે જ છે સાથે સાથે પાર્ટી કાર્યાલયોમાંથી ખેસ પણ મળી રહ્યા છે. ઘણાં કાર્યકરો સ્વતંત્ર રીતે કેમ્પેઈન પ્રોગ્રામ કરતા હોય ત્યારે ઓનલાઈન ઓર્ડર પણ આપે છે જેથી દૂરના સેન્ટર સુધી જવું ના પડે.

# ખતરનાક પ્રદુષણને દરિયામાં ડમ્પિંગ કરવાની યોજના

### વિશ્વભરમાં કાર્બન ઉત્સર્જન ખતરનાક ઝડપે વધી રહ્યું છે ત્યારે આ કાર્બનને કેપ્ચર કરીને તેને સ્ટોરેજ કરીને દરિયામાં દફનાવી દેવાની એક યોજના તૈયાર કરવામાં આવી રહી છે જેને કારણે વિશ્વભરમાં કાર્બનનું ઉત્સર્જન ઘટે અને પર્યાવરણને લગતા જે કંઈ પ્રશ્નો હોય તેનું નિરાકરણ આવે તે માટેના પ્રયાસો હાથ ધરવામાં આવી રહ્યા છે



## આસપાસ ચોપાસ

સુરેશ ભટ્ટ

આબોહવા પરિવર્તનનો સામનો કરવા માટે કાર્બન સિક્વેસ્ટ્રેશન એક અસરકારક રીત બની શકે છે. પરંતુ કાર્બન સિક્વેસ્ટ્રેશન શું છે અને તે કેવી રીતે કામ કરે છે? તે હેલ્પ સેવ નેચર નામની સંસ્થા દુનિયામાં સારામાં સારું કામ કરી રહી છે આ સંસ્થા ની યોજના મુજબ કાર્બનના કણોને ચોક્કસ ટેકનોલોજીથી એકત્રક કરીને તેનું સ્ટોરેજ કરવામાં આવે અને તેને ડમ્પીંગ કરવામાં આવે તેવી યોજના તૈયાર કરવામાં આવી રહી છે

હેલ્પસેવનેચર આવા પ્રશ્નોના જવાબ આપે છે, સાથે તમને કાર્બન સિક્વેસ્ટ્રેશનના વિવિધ ગુણદોષ પણ આપે છે.

જંગલો વાતાવરણમાંથી કાર્બન ડાયોક્સાઇડને શોષી લે છે અને તેને કાર્બન પૂલ તરીકે ઓળખાતા વિવિધ જળાશયોમાં સંગ્રહિત કરે છે, જેમાં વૃક્ષો (જીવંત અને મૃત બંને), રુટ સિસ્ટમ્સ, ઝાડીઓ, જંગલની જમીન અને જમીનનો સમાવેશ થાય છે. જીવંત વૃક્ષોમાં કાર્બનની ઘનતા સૌથી વધુ હોય છે, ત્યારબાદ જમીન અને જંગલનું માળખું હોય છે. લણણી કરેલ લાકડાના ઉત્પાદનો અને લેન્ડફિલ્સ પણ કાર્બનનો સંગ્રહ કરે છે. જ્યારે કાર્બન પૂલ વિઘટિત થાય છે અથવા બળે છે, ત્યારે તે કાર્બનને વાતાવરણમાં કાર્બન ડાયોક્સાઇડ તરીકે મુક્ત કરે છે.

આક્રમક જંતુઓ અને રોગો, દુષ્કાળ, જંગલની આગ અને શહેરી વિકાસ - આ બધું બદલાતી આબોહવા સાથે જોડાયેલું છે - વૂડલેન્ડની માત્રા અને કાર્બન જપ્તી અને સંગ્રહના દરને અસર કરી શકે છે. કાર્બન ચક્રમાં જંગલો અને તેમની ભૂમિકા બદલાતી હવામાન પરિસ્થિતિઓને કારણે પ્રભાવિત થાય છે. વરસાદ અને તાપમાનમાં થતા ફેરફારોથી વન આરોગ્ય અને ઉત્પાદકતા પર હાનિકારક અથવા ફાયદાકારક અસરો થઈ શકે છે જેની આગાહી કરવી ખૂબ જ જટિલ છે. સંજોગો પર આધાર રાખીને, આબોહવા પરિવર્તન જંગલોમાં કાર્બન જપ્તી ઘટાડશે અથવા વધારશે, જેના પરિણામે વિશ્વના જંગલો લાંબા ગાળે આબોહવા પરિવર્તન ઘટાડવામાં કેટલી હદે યોગદાન આપી શકે છે તે અંગે અનિશ્ચિતતા ઊભી થશે. વન વ્યવસ્થાપન પ્રવૃત્તિઓમાં અમુક પ્રક્રિયાઓને સક્રિય કરીને અને પ્રતિકૂળ પરિબળોની અસરોને ઓછી કરીને કાર્બન જપ્તી પર અસર કરવાની ક્ષમતા હોય છે.

રાજ્યો વિવિધ અભિગમો દ્વારા કાર્બન જપ્તી અને સંગ્રહ અને ટકાઉ વન વ્યવસ્થાપન પદ્ધતિઓને સમર્થન આપે છે. તંદુરસ્ત જંગલો જાળવવાથી પર્યાવરણ, નવીનીકરણીય ઉર્જા ઉત્પાદન અને નફાકારક લાકડા ઉદ્યોગને ફાયદો થાય છે.

આ કારણોસર, હૅંઝ (ફોરેસ્ટ કન્ઝર્વેશન કાઉન્સિલ) જેવી અગ્રણી સંસ્થાઓના વન સંરક્ષણ પ્રમાણપત્ર કાર્યક્રમો કાર્બન ઉત્સર્જન અને આબોહવા પરિવર્તનના મુદ્દાઓમાં મહત્વપૂર્ણ છે.

દરિયો ધરતી પરથી સૌથી વધુ ઝૅર શોષતું ઉપકરણ કોલંબિયા યુનિવર્સિટીના સંશોધક કાર્બન કેપ્ચરિંગ અને સ્ટોરેજ માટે કામ કરી રહ્યા છે. સી ચેન્જ નામના આ પ્રોજેક્ટના ડાયરેક્ટર ગૌરવ સંત અનુસાર દરિયો ધરતી પસ્થી સૌથી વધુ કાર્બન ઉત્સર્જનને શોષતું ઉપકરણ છે. તે વાતાવરણમાં રિલીઝ થતા 30% સુધી ઝૅરને શોષી લે છે. ગૌરવ સંત અને તેમના સાથે ૧ ટન કાર્બન ડાયોક્સાઇડને હટાવવાનો ખર્ચ ઘટાડીને ૧૦૦ ડોલર (૮૨૨૩ રૂપિયા) પ્રતિ ટન સુધી લાવવામાં વ્યસ્ત છે. સંશોધકો આ ટેક્નોલોજીને કમર્શિયલાઈઝ કરીને કાર્બન ક્રેડિટ અને હાઇડ્રોજન વેચીને પૈસા કમાશે. તેના માટે તેઓએ ઈકવેટિક ઇન્ક નામનું એક સ્ટાર્ટઅપ પણ શરૂ કર્યું છે. આ સ્ટાર્ટઅપમાં સારું એવું રોકાણ પણ થઇ રહ્યું છે.સમગ્ર વિશ્વમાં ઇન્ડસ્ટ્રીઝ મોટા પાયે પ્રદૂષણ ફેલાવે છે. તેમાં કાર્બનનો સૌથી વધુ હિસ્સો છે. વિશ્વભરના દેશ ૨૦૫૦ સુધીમાં કાર્બન ઉત્સર્જન ઘટાડાવાના મહત્વકાંક્ષી લક્ષ્ય પર કામ કરી રહ્યા છે. આ દિશામાં વિશ્વની અનેક કંપનીઓ પ્રયોગ કરી રહી છે. કાર્બન પ્રદૂષણ ઘટાડવાનો એક સૌથી અસરકારક ઉપાય કાર્બન કેપ્ચર એન્ડ સ્ટોરેજ (સીસીએસ) છે. તે હેઠળ ઝૅરનું વાતાવરણમાં ઉત્સર્જનને બદલે ખાસ રીતે કેપ્ચર કરવામાં આવે છે અને જમીનની નીચે સ્ટોર કરવામાં આવે છે.

ઇટાલીની એક એનર્જી કંપની એની પ્રદૂષણ ફેલાવનારી ઈન્ડસ્ટ્રીઝમાંથી કાર્બન ડાયોક્સાઈડને લઈને જૂના પ્રાકૃતિક ગેસ ભંડારમાં સ્ટોર કરવા માટે પાઇપલાઇનનું એક નેટવર્ક બનાવવાનીયોજના પર કામ કરી રહી છે. એનીનો દાવો છે કે આ કાર્બન કેપ્ચર અને સ્ટોરેજ પ્રક્રિયાથી મોટા પાયે પ્રદૂષણ ઘટાડવામાં, બચત કરવામાં તેમજ નવી નોકરીનું સર્જન કરવામાં મદદ મળશે. આ કંપની પહેલાથી જ ક્રૂડ અને ગેસના વેચાણના ક્ષેત્રમાં કામ કરી રહી છે પરંતુ ક્લાઈમેટ ચેન્જની ચિંતાઓને કારણે તેને પોતાનું ભવિષ્ય અનિશ્ચિત નજરેપડી રહ્યું છે. એનીના અધિકારીઓના અનુમાન અનુસાર તેઓ કંપનીના અત્યારના ઇન્ફ્રાસ્ટ્રક્ચર જેમ કે ક્રૂડ ઓઇલના કુવા અને પાઈપલાઈનનો ઉપયોગ કાર્બન કેપ્ચરિંગ તેમજ સ્ટોરેજ માટે કરી શકે છે.

કંપની કેસલબોરસેટીમાં ગેસ પ્રોસેસિંગ પ્લાન્ટમાંથી નીકળતા અંદાજે અડધા કાર્બન ડાયોક્સાઇડને કેપ્ચરકરવા માટે અંદાજે ૧૦૦ મિલિયન યુરો (અંદાજે ૯૦૩ કરોડ રૂપિયા) ખર્ચ કરી રહી છે. કામ અનેક હદ સુધી પૂર્ણ થઇ ચૂક્યું છે અને ટૂંક સમયમાં જ કાર્બન ડાયોક્સાઇડને એક નવા કુવાના માધ્યમથી અંદાજે ૧૨ માઇલ દૂર અને દરિયાની સપાટીથી ૧૦,૦૦૦ ફૂટ નીચે એક ગેસ સેગમેન્ટમાં મોકલવાનું શરૂ કરવામાં આવશે. જો પહેલો તબક્કો સફળ થઈ જશે તો એક મોટી યોજના શરૂ કરવામાં આવશે જેનો પ્રારંભિક ખર્ચ ૧.૫ અબજ યૂરો (અંદાજે ૧૩,૫૦૦ કરોડ રૂપિયા) થશે. તેમાં ઇટલી અને ફ્રાન્સના કારખાનાને જોડવામાં આવશે અને ૧.૬ કરોડ ટન સુધી કાર્બન ડાયોક્સાઇડને ખેંચીને સમુદ્રની હેઠળ દફનાવવામાં આવશે. ગ્રાહકોનું દબાણ અને કાર્બન પર લાગતો ટેક્સ વ્યવસાયોને કાર્બન કેપ્ચર પ્રોજેક્ટ્સ પર ગંભીરતાપૂર્વક વિચારવા માટે પ્રેરિત કરી રહ્યું છે.

## ભાજપ 'અબકી બાર ૪૦૦ પાર'નો નારો સમગ્ર વિશ્વમાં સંભળાઈ રહ્યો છે

# સમગ્ર વિશ્વની નજર ભારતની ચૂંટણી ઉપર Hollywood માં પીએમ મોદીનો પ્રચાર

**કેલિફોર્નિયાના લોસએન્જલસ ના હોલિવુડ કોનાર્ક થીએટર્સ ખાતે પણ ભાજપ કાર્યકરો અને સમર્થકોએ ભવ્ય કાર્યક્રમ આયોજિત કર્યો**

નવીદિલ્હી,
ભારતમાં લોકસભા ચૂંટણીનો રંગ જામી રહ્યો છે. સમગ્ર વિશ્વની નજર ભારતની ચૂંટણી ઉપર છે. વડા પ્રધાન મોદી અને ભાજપ 'અબકી બાર ૪૦૦ પાર'નો નારો આપી રહ્યા છે. ભારત સહિત વિદેશોમાં પણ આ ગુંજ સંભળાઈ રહી છે. ઓવરસીઝ ફ્રેન્ડ્સ ઓફ બીજેપી દ્વારા અમેરિકાના વિવિધ શહેરોમાં ભાજપની તરફેણમાં કાર્યક્રમો યોજાયા હતા. કેલિફોર્નિયાના લોસએન્જલસ ના હોલિવુડ કોનાર્ક થીએટર્સ ખાતે પણ ભાજપ કાર્યકરો અને સમર્થકોએ ભવ્ય કાર્યક્રમ આયોજિત કર્યો હતો. ભારતમાં લોકસભાની સામાન્ય ચૂંટણીની ગરમ હવા વિદેશમાં પણ પહોંચી છે. નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ભાજપ એનડીએ ગઠબંધન રામમંદિરની પ્રાણપ્રતિષ્ઠા, જમ્મુ કાશ્મીરની કલમ ૩૭૦ હઠાવવી, ટ્રિપલ તલાક , જેવા મુદ્દાઓને આગળ કરી રહ્યું છે. તો બીજી તરફ 'ઈન્ડિયા' ગઠબંધન બેરોજગારી, મોંઘવારી, બંધારણીય સંસ્થાઓ નબળી પડવી, જાતિગત જનગણના જેવા મુદ્દાઓ ઉઠાવી રહ્યું છે. અમેરિકામાં વસતા ભારતીય અમેરિકનોએ ઓવરસીઝ ફ્રેન્ડ્સ ઓફ બીજેપીની આગેવાનીમાં અમેરિકાના ૧૬ થી વધુ શહેરોમાં ભાજપના સમર્થનમાં રેલી અને સભા યોજી અને નરેદ્ર મોદીની તરફેણમાં ભાજપને મત આપવા આહવાન કર્યું હતું. કેલિફોર્નિયાના લોસએન્જલસ ના હોલિવુડ કોનાર્ક થીએટર ખાતે ઓવરસીઝ ફ્રેન્ડ્સ ઓફ બીજેપીની વેસ્ટ ઝોન દ્વારા ભવ્ય કાર્યક્રમ આયોજિત કરાયો હતો.



# આલિયાએ ઈન્સ્ટાગ્રામ પર 'પુષ્પા થ રુલ'ના ભરપેટ વખાણ કર્યા

મુંબઈ,
અલ્લુ અર્જુનની બહુપ્રતિક્ષિત ફિલ્મ પુષ્પા ૨ નું ટીઝર ધૂમ મચાવી રહ્યું છે. ૮ એપ્રિલના રોજ, નિર્માતાઓએ અભિનેતાના જન્મદિવસ પર ફિલ્મનું ટીઝર રિલીઝ કર્યું હતું, જે રિલીઝ થતાંની સાથે જ સોશિયલ મીડિયા પર વાયરલ થઈ ગયું હતું. બોલિવૂડ પણ આનાથી અછૂત નથી રહ્યું. દિવા આલિયા ભટ્ટે પુષ્પા ૨ ના ટીઝર માટે અલ્લુ અર્જુનના વખાણ કર્યા છે. પુષ્પા ધ રૂલના ટીઝરથી આલિયા ભટ્ટ ખૂબ જ પ્રભાવિત છે. અભિનેત્રીએ સોશિયલ મીડિયા પર પણ આ ફિલ્મને લઈને પોતાનો ઉત્સાહ વ્યક્ત કર્યો હતો. બદલામાં તેને અલ્લુ અર્જુન તરફથી જવાબ પણ મળ્યો. અલ્લુ અર્જુનને તેના જન્મદિવસ પર દિવસભર ચાહકો અને મિત્રો તરફથી શુભેચ્છાઓ મળી હતી. તેમાંથી આલિયા ભટ્ટે પણ અભિનેતાને શુભેચ્છા પાઠવી હતી અને પુષ્પા ૨ ના ટીઝર માટે તેની પ્રશંસા પણ કરી હતી. અભિનેત્રીને પુષ્પા ૨ ના ટીઝરમાં અલ્લુ અર્જુનનો સાડી અવતાર ખરેખર ગમ્યો. આલિયા ભટ્ટે તેની ઈન્સ્ટા સ્ટોરીમાં ફિલ્મનું ટીઝર શેર કર્યું છે.

# ન્યૂઝીલેન્ડના ભૂતપૂર્વ લેગ સ્પિનર જેક અલાબાસ્ટરે દુનિયાને અલવિદા કહ્યું

નવીદિલ્હી,
ક્રિકેટ ચાહકો માટે ખુબ જ દુઃખદ સમાચાર આવ્યા છે. આજે એટલે કે ૧૦મી એપ્રિલે પૂર્વ દિગ્ગજ ખેલાડીએ દુનિયાને અલવિદા કહી દીધું છે. જેના કારણે સમગ્ર ક્રિકેટ જગતમાં શોકની લહેર છે. ચાહકો માની શકતા નથી કે ભૂતપૂર્વ દિગ્ગજે દુનિયાને અલવિદા કહ્યું છે. તમને જણાવી દઈએ કે આ ખેલાડીનો ટેસ્ટ ક્રિકેટમાં ઘણો દબદબો હતો. આ પૂર્વ ક્રિકેટરે પોતાની ટીમ માટે ઘણી મેચો પોતાના દમ પર જીતી છે, પરંતુ આજે આ ખેલાડી દુનિયા છોડી ગયો છે.

ન્યૂઝીલેન્ડના ભૂતપૂર્વ લેગ સ્પિનર જેક અલાબાસ્ટરે ૯૩ વર્ષની વયે દુનિયાને અલવિદા કહી દીધું છે. અલાબાસ્ટરે ૧૯૫૫ થી ૧૯૭૨ વચ્ચે ક્રિકેટ મેચ રમી હતી. આ સમયગાળા દરમિયાન તેમણે ૨૧ ટેસ્ટ મેચ રમી, જેમાં તેણે ૪૯ વિકેટ લીધી. આ સમયગાળા દરમિયાન ન્યુઝીલેન્ડની ટીમે ૪ ટેસ્ટ મેચ જીતી હતી, જેક અલાબાસ્ટર પણ આ વિજેતા ટીમનો ભાગ હતો. તમને જણાવી દઈએ કે તેણે વર્ષ ૧૯૫૫માં પાકિસ્તાન વિરૂદ્ધ ડેબ્યૂ મેચ રમી હતી. જેકે વર્ષ ૧૯૫૫-૫૬માં ભારતની મુલાકાત લીધી હતી. આ સિવાય તેણે ૧૯૫૮માં ઈંગ્લેન્ડ અને ૧૯૬૧થી ૧૯૬૨ દરમિયાન દક્ષિણ આફ્રિકાનો પ્રવાસ પણ કર્યો હતો.

તમને જણાવી દઈએ કે જ્યારે જેક અલાબાસ્ટર ટેસ્ટ સીરીઝ રમવા માટે દક્ષિણ આફ્રિકાના પ્રવાસે ગયા હતા.

# પાકિસ્તાને એકવાર ફરીથી સંયુક્ત રાષ્ટ્રના હેપ્પીનેસ રિપોર્ટમાં મોટા અંતરથી ભારતને પછાળ છોડી દીધું

ઈસ્લામાબાદ,
પાકિસ્તાને એકવાર ફરીથી સંયુક્ત રાષ્ટ્રના હેપ્પીનેસ રિપોર્ટમાં મોટા અંતરથી ભારતને પછાળ છોડી દીધું છે. પાકિસ્તાનને જ્યાં આ હેપ્પીનેસ રિપોર્ટમાં ૧૦૮મું સ્થાન મળ્યું છે તો ભારત આ યાદીમાં ૧૨૬માં સ્થાન પર છે. આ રેક્કિંગને બુધવારે જાહેર કરવામાં આવી છે. ફિનલેન્ડને સતત સાતમાં વર્ષે વિશ્વનો સૌથી ખુશ દેશ જાહેર કરવામાં આવ્યો છે. ફિનલેન્ડ બાદ ડેનમાર્ક, આઈસલેન્ડ અને સ્વીડન છે. ત્યારબાદ ઈઝરાયલ, નેધરલેન્ડ, નોર્વે, લગ્જમબર્ગ, સ્વિત્ઝર્લેન્ડ અને ઓસ્ટ્રેલિયા આવે છે. આ લિસ્ટમાં અફઘાનિસ્તાનને સૌથી ખરાબ રેટિંગ ૧૪૩ આપવામાં આવ્યું છે, જે તાલિબાન રાજ આવ્યા બાદ માનવીય સંકટથી સંઘર્ષ કરી રહ્યું છે.

આ રિપોર્ટ એક દાયકા કરતા વધુ સમયથી પ્રકાશિત થઈ રહ્યો છે. પરંતુ તેમાં પ્રથમવાર થઈ રહ્યું છે કે અમેરિકા અને જર્મની ૨૦ સૌથી વધુ ખુશ દેશોના લિસ્ટમાં નથી. આ સર્વેક્ષણમાં અમેરિકાને જ્યાં ૨૩મું તો જર્મનીને ૨૪મું સ્થાન મળ્યું છે. તો કોસ્ટારિકા અને કુવૈતની ટોપ ૨૦માં એન્ટ્રી થઈ છે અને તેને ક્રમશઃ ૧૨મું અને ૧૩મું સ્થાન મળ્યું છે. આ રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે સૌથી ખુશ દેશોના લિસ્ટમાં સૌથી ઉપરના દેશોમાં વિશ્વના સૌથી મોટા દેશ સામેલ નથી.

રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે ટોપ-૧૦ દેશના લિસ્ટમાં નેધરલેન્ડ અને ઓસ્ટ્રેલિયા એવા દેશ છે જેની વસ્તુ દોઢ કરોડ છે. ટોપ ૨૦ દેશોના લિસ્ટમાં કેનેડા અને બ્રિટન એવા દેશ છે જેની વસ્તી ૩ કરોડથી વધુ છે. સૌથી વધુ ઘટાડો અઘાનિસ્તાન, લેબનાન અને જોર્ડનના રેક્કિંગમાં થયો છે. તો તો પૂર્વી યુરોપના દેશો સર્બિયા, બુલ્ગારિયા અને લાટવિયાના રેક્કિંગમાં સૌથી વધુ વધારો થયો છે. હેપ્પીનેસ રેક્કિંગ લોકોના જીવન સંતુષ્ટિ, પ્રતિ વ્યક્તિ જીડીપી, સામાજિક સમર્થન, તંદુરસ્ત જીવનની અપેક્ષા, સ્વતંત્રાતા અને ભ્રષ્ટાચારના આધાર પર નક્કી કરવામાં આવે છે.

# ચંદ્રયાન-૩ની ટીમને અમેરિકાનો અવકાશ ક્ષેત્રનો મોટો એવોર્ડ મળ્યો

વોશિગ્ટન,
ભારતના અવકાશ વૈજ્ઞાનિકોનો ડંકો આખી દુનિયામાં વાગી રહ્યો છે. સ્પેસ શ્રેત્રમાં ભારના વૈજ્ઞાનિકોએ શાનદાર કામ કર્યું છે. અને આનું ઉત્તમ ઉદાહરણ ચંદ્રયાન-૩ની ચંદ્રમાના દક્ષિણ ધ્રુવ પર સોફ્ટ લેન્ડિંગ છે.

ભારતના આ કાર્યની પ્રશંસા સમગ્ર દુનિયામાં થઈ રહી છે. આ પ્રકરણમાં હવે ભારતની ચંદ્રયાન-૩ મિશન ટીમને અવકાશ સંશોધન માટે પ્રતિષ્ઠિત વર્ષ-૨૦૨૪ જોન એલ જેક સ્વિગર્ટ જુનિયર પુરસ્કાર મળ્યું છે.કોલોરાડોમાં વાર્ષિક સ્પેસ સિમ્પોસિયમના



ઉદ્‌ઘાટન સમારોહ દરમિયાન હ્યુસ્ટનમાં ભારતના કોન્સલ જનરલ ડીસી મંજુનાથને ભારતીય અવકાશ સંશોધન સંસ્થા વતી એવોર્ડ મળ્યો હતો. તે યુએસ સ્થિત સ્પેસ ફાઉન્ડેશનનો ટોચનો એવોર્ડ છે.

ચંદ્રના દક્ષિણ ધ્રુવ પર ઉતરનાર સૌપ્રથમ તરીકે ઈસરોનું મિશન ચંદ્રયાન ૩ માનવતાની અવકાશ સંશોધન આકાંક્ષાઓને સમજણ અને સહયોગ માટે નવા ક્ષેત્રો સુધી વિસ્તરે છે, સ્પેસ ફાઉન્ડેશને એક અખબારી યાદીમાં જણાવ્યું હતું. સ્પેસ ફાઉન્ડેશનના સીઈઓ હીથર પ્રિંગલે જાન્યુઆરીમાં એવોર્ડની જાહેરાત કરવામાં આવી ત્યારે એક નિવેદનમાં જણાવ્યું હતું કે, "અવકાશમાં ભારતનું નેતૃત્વ વિશ્વ માટે એક પ્રેરણા છે." સંશોધનનું સ્તર ફરીથી વધારવામાં આવ્યું છે.

# 'પુષ્પા' ફેમ અલ્લુ અર્જુને ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં બે દાયકા પૂરા કર્યા



મુંબઈ,
'પુષ્પા' ફિલ્મ સાઉથના સુપર સ્ટાર અલ્લુ અર્જુનનો ગઈકાલે જન્મ દિવસ હતો. આ દિવસે તેની આગામી ફિલ્મ 'પુષ્પા-૨'ને ટિઝર પણ રીલીઝ થયું હતું. આ સાથે અલ્લુ અર્જુન ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં ૨૧ વર્ષ પુરા કર્યા છે. ફિલ્મી બેક ગ્રાઉન્ડમાંથી આવવા છતાં પરંપરાગત પથથી દૂર રહીને છેલ્લા બે દાયકામાં અનન્ય ભૂમિકાઓ ભજવીને સફળતા મેળવી છે.

અલ્લુની ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં એક ડાન્સ કિંગ તરીકે યાત્રા શરુ થઈ હતી. આજે તે એક આઈકોન સ્ટાર બન્યો છે. 'પુષ્પા'માં તેની શ્રેષ્ઠ અદાકારી માટે બેસ્ટ એક્ટરનો નેશનલ એવોર્ડ અપાવ્યો છે. તેની લોકપ્રિયતાને ધ્યાને લઈને દુબઈમાં મેડમ તુષાદના વેક્સ મ્યુઝિયમમાં તેનું વેક્સનું પૂતળું રાખવામાં આવ્યું છે.

તેની 'પુષ્પા-૨-ધ રૂલ'ની ફેન્સ આતુરતાથી રાહ જોઈ રહ્યા છે. આ ફિલ્મના રીલીઝ થયેલા ટીઝરમાં 'જથારા' સિક્વન્સમાં તે જોવા મળે છે જે એક સાઉથની પરંપરા છે.

# 'હરે રામા, હરે ક્રિષ્ના...', ભક્તિમાં મગ્ન થયા પંડ્યા બ્રધર્સ, ભજન ગાતા નજરે પડ્યા



મુંબઈ,
સોશિયલ મીડિયા પર એક વીડિયો વાયરલ થઈ રહ્યો છે. જેમાં જોઈ શકાય છે કે પંડ્યા બ્રદર્સ સાથે મળીને ભજન ગાતા જોવા મળી રહ્યા છે. વીડિયો જોયા બાદ એવું લાગી રહ્યું છે કે બંને ભાઈ ભક્તિના રંગમાં રંગાયા છે. બંનેએ શાનદાર કુર્તા પહેર્યા છે. સોશિયલ મીડિયા પર આ વીડિયો વાયરલ થયો છે. હાર્દિક પંડ્યા ભજન પર ઝૂમતા નજરે પડી રહ્યા છે. બંને ભાઈ હાથ મિલાવીને 'હરે રામા હરે ક્રિષ્ના' ભજન ગાઈ રહ્યા છે.

જોવામાં આવે તો જ્યારે હાર્દિક પંડ્યા મુંબઈ ઈન્ડિયન્સના કેપ્ટન બન્યા છે, ત્યારથી તેની મુશ્કેલીઓ ઓછી નથી થઈ રહી. સ્ટેડિયમ અને સોશિયલ મીડિયા પર ફેન્સ તેમને ટ્રોલ કરતા નજરે આવી રહ્યા છે. તેવામાં આ વીડિયો વાયરલ થયો છે. આ પહેલા પણ હાર્દિક પંડ્યાનો એક વીડિયો વાયરલ થયો હતો.

# હાવડા બ્રિજ પર કાર્તિક આર્યને 'ભૂલ ભૂલૈયા ૩'નું શૂટિંગ કર્યું

મુંબઈ,
બોલિવુડની અપકમિંગ ફિલ્મ ભૂલ ભૂલૈયા ૩ને લઈ ચાહકો ખુબ જ ઉત્સાહિત છે, બોલિવુડ સ્ટાર કાર્તિક આર્યનની અપકમિંગ ફિલ્મ સાથે જોડાયેલી કેટલીક અપડેટ સામે આવી છે. ફિલ્મનું શુટિંગ છેલ્લા ૧ મહિનાથી શરુ થઈ ચુક્યું છે.

ભૂલ ભૂલૈયા ૩ કાર્તિક આર્યનની બિગ બજેટની અપકમિંગ ફિલ્મ છે. ફિલ્મમાં વિદ્યા બાલન અને તૃપ્તિ ડિમરી જોવા મળશે. બંન્નેએ શૂટિંગ પણ શરુ કરી દીધું છે. બોલિવૂડ એક્ટર કાર્તિક આર્યન તેની ફિલ્મ 'ભૂલ ભૂલૈયા ૩'ના શૂટિંગ દરમિયાન કોલકાતાના હાવડા બ્રિજ પર જોવા મળી રહ્યો છે.રિપોર્ટ્સનું માનીએ તો એનિમલ ફેમ તૃપ્તિ ડિમરી અને વિદ્યા બાલન ફિલ્મ ભૂલ ભૂલૈયા ૩માં મહત્વની ભૂમિકામાં જોવા મળશે. વાયરલ થઈ રહેલા ફોટોમાં કાર્તિક આર્યન રુહ બાબાના લુકમાં જોવા મળી રહ્યો છે. કાર્તિક આર્યન બાઈક પર બેસેલો જોવા મળી રહ્યો છે. કાર્તિકના ચાહકો પણ આ ફોટો જોઈ ખુશ થયા છે.ભૂલ ભૂલૈયા ૩માં કાર્તિક આર્યન રુહ બાબાના રોલમાં જોવા મળશે. તો વિદ્યા બાલન મંજુલિકા બની ફરી એક વાર ચાહકોને ડરાવશે. તૃપ્તિ ડિમરી કાર્તિકની ગર્લફ્રેન્ડના રોલમાં જોવા મળી શકે છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે, આ ફિલ્મ દિવાળીમાં રિલીઝ થશે.

આ પહેલા ભૂલ ભૂલૈયાના ૨ પાર્ટ બોક્સ ઓફિસ પર હિટ રહ્યા છે. જેમાં પહેલા પાર્ટમાં અક્ષય કુમાર લીડ રોલમાં હશે, તો બીજા અને ત્રીજા પાર્ટમાં કાર્તિક આર્યન મહત્વના રોલમાં જોવા મળી શકે છે. હવે જોવાનું રહેશે કે, ભૂલભૂલૈયા ૩ બોક્સ ઓફિસ્ પર કેટલી કમાણી કરે છે.



**ચૂંટણીમાં કૌટુંબિક લડાઈ**

# ભાઈ-બહેન, ભાભી અને નણંદથી લઈને પુત્રવધૂ અને સસરા વચ્ચે જંગ



નવીદિલ્હી,
દેશમાં હાલ ચૂંટણીનો માહોલ છે. દેશભરમાં ૧૯ એપ્રિલથી ૧ જૂન સુધી સાત તબક્કામાં લોકસભાની ચૂંટણી યોજાવાની છે. પ્રથમ અને બીજા તબક્કા માટે નોમિનેશન પ્રક્રિયા સમાપ્ત થઈ ગઈ છે. પ્રથમ તબક્કામાં ૨૧ રાજ્યોની ૧૦૨ બેઠકો માટે ૧૯ એપ્રિલે મતદાન થશે. બીજા તબક્કામાં લોકો ૨૬ એપ્રિલે ૧૩ રાજ્યોની ૮૯ બેઠકો માટે મતદાન કરશે. બે તબક્કાની નોમિનેશન પ્રક્રિયા પૂર્ણ થતાની સાથે જ ૧૯૧ બેઠકો માટે સ્પર્ધાનું ચિત્ર સ્પષ્ટ થઈ ગયું છે. અનેક બેઠકો પરના ચહેરાઓએ રાજકીય લડાઈ રસપ્રદ બનાવી છે. ઘણી જગ્યાએ પરિવારના સભ્યો સામસામે હોય છે.

નણંદ અને ભાભી વચ્ચેની રાજકીય સ્પર્ધા રસપ્રદ બની છે. અહીં રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી (એનસીપી અજિત પવાર કેમ્પ)એ સુનેત્રા પવારને લોકસભા ચૂંટણી ૨૦૨૪ માટે પોતાના ઉમેદવાર બનાવ્યા છે. સુનેત્રા મહારાષ્ટ્રના નાયબ મુખ્યમંત્રી અજિત પવારના પત્ની છે. સુનેત્રા સામે તેની ભાભી સુપ્રિયા સુલે ચૂંટણી લડી રહી છે. સુપ્રિયા શરદ પવારની પુત્રી છે. બારામતી લોકસભા મતવિસ્તારના વર્તમાન સાંસદ ગઈક (શરદ ચંદ્ર પવાર)ના સુપ્રિયા સુલે છે. ૨૦૧૯માં સુપ્રિયાએ બીજેપીના કંચન રાહુલ કૂલને હરાવ્યા હતા.

બિષ્ણુપુરથી ભાજપના વર્તમાન સાંસદ સૌમિત્ર ખાન ફરી ચૂંટણી મેદાનમાં છે. તૃણમૂલ કોંગ્રેસે તેમની પૂર્વ પત્ની સુજાતા મંડલને ટિકિટ આપીને સ્પર્ધાને રસપ્રદ બનાવી છે. ગત લોકસભા ચૂંટણીમાં સૌમિત્ર ખાને તૃણમૂલ કોંગ્રેસના ઉમેદવાર શ્યામલ સંત્રાને હરાવ્યા હતા.

હરિયાણાની હિસાર બેઠક પર ચૌટાલા પરિવાર વચ્ચે મુકાબલો થવાની આશા છે. ભાજપે અહીં ઓ.પી ચૌટાલાના પુત્ર રણજીત ચૌટાલાને મેદાનમાં ઉતાર્યા છે. રંજીત હરિયાણા સરકારમાં સ્વતંત્ર ધારાસભ્ય અને કેબિનેટ મંત્રી રહી ચૂક્યા છે. ભાજપમાં જોડાયા બાદ તેમને હિસાર બેઠક પરથી મેદાનમાં ઉતારવામાં આવ્યા છે.

સુનૈના આઈએનએલડીની મહિલા પાંખની મુખ્ય મહાસચિવ છે. રણજીત ચૌટાલા સુનૈના ચૌટાલાના કાકા અને સસરા છે. જેજેપી એટલે કે જનનાયક જનતા પાર્ટી પણ ઓમ પ્રકાશ ચૌટાલાની બીજી વહુ નૈના ચૌટાલાને હિસાર સીટ પરથી ઉતારવાની તૈયારી કરી રહી છે. પૂર્વ નાયબ મુખ્યમંત્રી દુષ્યંત ચૌટાલાની માતા નૈના બધરા ચૌટાલા સીટથી ધારાસભ્ય છે.

આંધ્રપ્રદેશની કડપા લોકસભા સીટ પર પરિવારના સભ્યો વચ્ચે ટક્કર થશે. કોંગ્રેસે વાયએસ શર્મિલાને તેમના પરિવારના ગઢ કડપા બેઠક પરથી ઉમેદવાર તરીકે ઉતાર્યા છે. શર્મિલા આંધ્ર પ્રદેશ કોંગ્રેસ એકમના પ્રમુખ છે. તે કોંગ્રેસના પૂર્વ મુખ્યમંત્રી વાયએસ રાજશેખર રેડ્ડીની પુત્રી અને વાયએસઆર કોંગ્રેસ પાર્ટીના વડા જગન મોહન રેડ્ડીની બહેન છે. શર્મિલા આ ચૂંટણીમાં તેના પિતરાઈ ભાઈ વાઈએસ અવિનાશ રેડ્ડી સામે ચૂંટણી લડશે. રૂજીઈ કોંગ્રેસે અવિનાશ રેડ્ડીને મેદાનમાં ઉતાર્યા છે.અવિનાશ રેડ્ડીએ ૨૦૧૯થી આ સીટ જીતી હતી. વાયએસઆરમાંથી ચૂંટણી લડી રહેલા અવિનાશે ટીડીપીના આદિ નારાયણ રેડ્ડીને હરાવ્યા હતા

# જૂનાગઢ માર્કેટિંગ યાર્ડમાં કેસર કેરીનું આગમન

## બોક્સ દીઠ રૂ. ૬૦૦થી ૧૮૦૦નો ભાવ બોલાયો



યજ્ઞેશ ભટ્ટ, જુનાગઢ,

કેસર કેરીના સ્વાદના રસીયાઓએ હવે તેમની પ્રિય કેરી માટે બહુ રાહ નહીં જોવી પડે. ફળોની રાણી ગણાતી મીઠી મધુર કેસર કેરીનું ધમાકેદાર આગમન થઈ ગયું છે. જોકે લોકોએ હાલ કેસરનો સ્વાદ લેવો થોડો મોંઘો પડી શકે છે. જૂનાગઢ માર્કેટિંગ યાર્ડમાં અંતે કેસર કેરીની આવકનો પ્રારંભ થઈ ચૂક્યો છે.

જૂનાગઢ માર્કેટિંગ યાર્ડમાં ૮૦૦થી ૧૦૦૦ બોક્સની આવક થઈ હતી. હરાજીમાં પ્રતિ બોક્સનો ભાવ ૬૦૦થી ૧૮૦૦ રૂપિયા બોલાયો હતા. યાર્ડના વેપારીઓના મતે બજારમાં જેમ જેમ કેરીની આવકમાં વધારો થશે એમ એમ ભાવમાં પણ ઘટાડો જોવા મળશે.જૂનાગઢ માર્કેટિંગ યાર્ડમાં માર્ચ અને એપ્રિલ મહિના દરમિયાન ગીરની કેસર કેરીની ૨ હજારથી ૫ હજાર બોક્સની આવક થતી હોય છે, પરંતુ આ વર્ષે વાતાવરણમાં આવેલા પલટાના કારણે કેરીની આવક મોડી અને ઓછી થઈ છે. આ વર્ષે ૮૦૦થી ૧૦૦૦ બોક્સની જ આવકથી પ્રારંભ થયો છે.

ગત વર્ષ ૨૦૨૩માં આ જ સમયગાળામાં બોક્સનો ભાવ ૨૫૦થી ૫૦૦ રૂપિયા હતો, એના બદલે આ વર્ષે ૬૦૦થી ૧૮૦૦ રૂપિયાનો ભાવ બોલાયો છે. જોકે આવનારા દિવસોમાં આવક વધતાં જ ભાવમાં ઘટાડો જોવા મળશે. એટલે લોકોએ સસ્તી કેરી ખાવા માટે હજી થોડા દિવસ વધુ રાહ જોવી પડી શકે છે.આજે જૂનાગઢ માર્કેટિંગ યાર્ડમાં ૬૦૦થી ૧૦૦૦ કેરીના બોક્સની આવક થઈ છે અને આ કેરીના એક બોક્સનો ભાવ બોલાયો છે, જે એક કિલો કેરીના ભાવ ૧૮૦ રૂપિયા નોંધાયા છે. લાલબાગ, હાફુસ ,રત્નાગિરિ કેસર જેવી ઘણા પ્રકારની અલગ અલગ કેરીઓ પણ અહીં આવે છે.મોસમમાં ફેરફારના કારણે આ વર્ષે કેરીની આવકમાં ઘટાડો નોંધાયો છે. આવક પણ ઓછી છે અને કેરીના ભાવમાં પણ વધારો જોવા મળી રહ્યો છે. આવનારા સમયમાં કેરીની આવકમાં પણ વધારો થશે અને ભાવ પણ નીચા જશે.

# જો જો હોં.. ૭મી મેના બીજા કોઈ પ્લાન કરતા નહીં, પહેલાં મતદાન કરવા જજો.. : શિવાની અને જયની મતદારોને અપીલ

## નવતર અભિગમ : યુવાનોને આકર્ષવા મતદાન જાગૃતિ અભિયાનમાં જોડાતાં સોશીયલ મીડિયા ઈન્ફલુએન્સર્સ



રાજકોટ,

લોકસભા સામાન્ય ચૂંટણી - ૨૦૨૪માં મહત્તમ મતદારોને મતદાનમાં સહભાગી બનાવવા ગુજરાતના મુખ્ય નિર્વાચન અધિકારી શ્રી પી. ભારતીના નેતૃત્વમાં રાજ્યનું ચૂંટણી તંત્ર દ્વારા અનેક નવતર અભિગમ અપનાવવામાં આવી રહ્યાં છે.

જેના અંતર્ગત રાજકોટ જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી પ્રભવ જોષીના માર્ગદર્શન હેઠળ સ્વીપ નોડલ ઓફિસરશ્રી જિજ્ઞાસાબેન ગઢવીના સૂચન મુજબ કલેકટર કચેરી ખાતે ગત તા. ૧૦ના રોજ સોશિયલ મીડિયા ઈન્ફલુએન્સર્સની મીટીંગ યોજાઈ હતી. જેમાં બહોળા પ્રમાણમાં ફોલોઅર્સ ધરાવતા ૩૫ યુવાનોને મતદાન જાગૃતિ માટે અવનવી પોસ્ટ, રીલ, સ્ટોરી બનાવવા સૂચનો આપવામાં આવ્યાં હતાં.

આ નિર્ણયના અમલીકરણરૂપે ઈન્સ્ટાગ્રામ, ફેસબૂક, યુ-ટ્યુબ સહિતના માધ્યમો પર લાખોના ફેન ફોલોઅર્સ ધરાવતાં રાજકોટના શ્રી શિવાની શુક્લ અને શ્રી જય શુક્લ યુગલે ફની વીડિયો બનાવીને લોકોને મતદાન કરવા જવાની અપીલ કરી હતી. વીડિયોમાં "જો જો હોં.. ૭મી મેના બીજા કોઈ પ્લાન કરતાં નહીં, પહેલાં મતદાન કરવા જાજો.." જેવી સરળ ભાષામાં લોકોને મત આપવા જવાની પ્રેરણા પૂરી પાડી છે. આ વીડિયો ઈન્સ્ટાગ્રામમાં ન્નેદ્વઢક્ષ્ક્રિર્ષી (ચીફ ઇલેક્ટોરલ ઓફિસર, ગુજરાત) સહિતના હેન્ડલસ્ ઉપર વિવિધ હેઝટેગ સાથે અપલોડ કરવામાં આવ્યો છે. જેથી, સોશીયલ મીડિયા થકી અચૂક મતદાનનો સંદેશો વધમાં વધુ લોકો સુધી પહોંચાડી શકાય.

# પરશોતમભાઈ રૂપાલાએ " ચાય સાથે વિકાસ કાર્યો ની ચર્ચા "



રાજકોટ ખાતે ભારતીય જનતા પાર્ટીના પદાધિકારીઓ અને કાર્યકર્તાઓ સાથે " ચાય પે ચર્ચા " કરીને, વિકાસ કાર્યોના અનુસંધાને બેઠક યોજીને આગળના ચૂંટણીલક્ષી આયોજનોની ચર્ચા કરી.

# જય સરદાર યુવા ગ્રુપની સામાજિક-સેવાકીય પ્રવૃતિઓ અન્ય લોકો માટે પ્રેરણાસ્ત્રોત સમાન છે : પરશોતમભાઈ રૂપાલા

## રાધાનગર સ્થિત જય સરદાર યુવા ગ્રુપ સંસ્થાની સૌજન્ય મુલાકાત લેતા રૂપાલાજી






રાજકોટ

શહેરના નાના મવા રોડ ખાતે આવેલ રાધાનગરમાં આવેલ સેવાકીય સંસ્થા જય સરદાર યુવા ગ્રુપ ટ્રસ્ટની રાજકોટ લોકસભા બેઠકના ભાજપના ઉમેદવાર પરશોતમભાઈ રૂપાલાએ સૌજન્ય મુલાકાત લીધી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે જય સરદાર યુવા ગ્રુપ ધ્વારા વિવિધ સેવાકીય, સામાજિક પ્રવૃતિઓ જેવી કે આરોગ્ય અને તબીબી સેવાઅ માટે એમ્બ્યુલન્સ સેવા, ૮૦ ફુટ રોડ સ્થિત મુકિત ધામનું સંચાલન અને સમાજના નબળા તથા જરૂરીયાતમંદ બાળકોને ટ્યુશન ફી માં સહાયભૂત થવામાં આવે છે. આ તકે પરશોતભાઈ રૂપાલાએ જય સરદાર યુવા ગ્રુપ ટ્રસ્ટની સામાજિક અને સેવાકીય પ્રવૃતિઓ અન્ય લોકો માટે પ્રેરણાસ્ત્રોત સમાન છે. તેમણે સંસ્થાની અનેકવિધ સેવાકીય પ્રવૃતિઓની સરાહના કરીને હોદેદારોને અભિનંદન પાઠવેલ હતા. આ પ્રસંગે સંસ્થાના પ્રમુખ અશ્વિન પાંભર, ઉપપ્રમુખ વિપુલભાઈ પાંભર, સંગઠન મંત્રી રમેશભાઈ વેકરીયા, મંત્રી અતુલભાઈ પોકર વિગેરે ઉપસ્થિત રહયા હતા.

# કોઠી કમ્પાઉન્ડમાં બિરાજતા કોટેશ્વર મહાદેવ મંદિરના દર્શનાર્થે પૂજા-અર્ચના કરતા પરશોતમભાઈ રૂપાલા

## સાંસદ મોહનભાઈ કુંડારીયા, રામભાઈ મોકરીયા સહીતના આગેવાનો ઉપસ્થિત રહયા



રાજકોટ

શહેરના વોર્ડ–૩ માં જંકશન પ્લોટ વિસ્તારમાં પશ્ચિમ રેલ્વેના કોઠી કમ્પાઉન્ડમાં બિરાજતા શ્રી કોટેશ્વર મહાદેવ મંદિરના દર્શનાર્થે જઈને રાજકોટ લોકસભા બેઠકના ભાજપના ઉમેદવાર શ્રી પરશોતમભાઈ રૂપાલાએ પુજા–અર્ચના કરીને ભગવાનશ્રી ભોળાનાથ મહાદેવના આશિર્વાદ પ્રાપ્ત કર્યા હતા. આ પ્રસંગે સાંસદ મોહનભાઈ કુંડારીયા, રાજયસભાના સાંસદ રામભાઈ મોકરીયા, વોર્ડના પ્રભારી પુર્વેશ ભટ્ટ, વોર્ડપ્રમુખ હેમભાઈ પરમાર, અગ્રણીઓ મુરલીભાઈ દવે, સંજયભાઈ દવે, અશોકભાઈ દવે, દીપકભાઈ, ચંદ્રમૌલીભાઈ દવે, પ્રફુલાબેન સહિતના ઉપસ્થિત રહયા હતા. આ વોર્ડના કાર્યક્રમ દરમ્યાન પરશોતમભાઈ રૂપાલા સહિતના આગેવાનોએ એ વોર્ડપ્રમુખ હેમુભાઈ પરમારના જનસેવા કાર્યાલયની શુભેચ્છા મુલાકાત લીધી હતી.

# રાજકોટ કલેકટર કચેરીમાં બે જગ્યાએ ઉમેદવારી ફોર્મ ભરી શકાશે

## કલેકટર અને પૂરવઠા અધિકારી સમક્ષ ફોર્મ સ્વીકારાશે



રાજકોટ

લોકસભાની ચૂંટણીમાં રાજકોટ બેઠક માટે ઉમેદવારી ફોર્મ ભરવાની પ્રક્રિયા શરૂ થઈ જશે. જિલ્લા કલેકટર કચેરીમાં ૨ જગ્યાએ ફોર્મ ભરી શકાશે. જેમાં જિલ્લા કલેકટર અને જિલ્લા પુરવઠા અધિકારી આ ફોર્મ સ્વીકારવાના છે. હાલ ફોર્મ ભરવાની પ્રક્રિયા માટે ચૂંટણી તંત્ર દ્વારા વધારાનો સ્ટાફ પણ તૈનાત રાખવામાં આવ્યો છે.રાજકોટ જિલ્લામાં આવતીકાલે એટલે કે ૧૨/૦૪/૨૪ના રોજ ચૂંટણી પંચનું જાહેરનામું બહાર પાડવામાં આવશે. ત્યારથી ઉમેદવારી ફોર્મ ભરવાનું શરૂ થનાર છે. ઉમેદવારી પત્ર ભરવાની છેલ્લી તા.૧૯/૦૪/૨૪ના રહેશે. ઉમેદવારી પત્રોની ચકાસણી તા.૨૦/૦૪/૨૪ના રોજ હાથ ધરવામાં આવશે. જ્યારે ઉમેદવારી પત્રો પાછા ખેંચવાની છેલ્લી તા.૨૨/૦૪/૨૪ છે. તેમજ મતદાનની તા.૦૭/૦૫/૨૪ અને મતદાનની મત ગણતરી તા.૦૪/૦૬/૨૪ના રોજ કરવામાં આવશે. સમગ્ર ચૂંટણી પ્રક્રિયા પૂરી કરવાની છેલ્લી તારીખ તા.૦૬/૦૬/૨૪ રહેશે.ચૂંટણીનું જાહેરનામું પ્રસિદ્ધ કરી જિલ્લામાં ગ્રામ પંચાયતથી લઈ બીજી અનેક સરકારી કચેરીઓ સહિતના ૩૦૦૦ જેટલા સ્થળોએ આ જાહેરનામું લગાવવામાં આવશે. ઉમેદવારી ફોર્મ ભરવાની પ્રક્રિયા શરૂ થતી હોય, કલેકટર કચેરીમાં કાલથી એસીપી કક્ષાનો બંદોબસ્ત પણ મૂકી દેવામાં આવશે.વધુમાં ફોર્મ ભરવાની પ્રક્રિયા નવી કલેકટર કચેરી ખાતે કલેકટરની ચેમ્બરમાં અને જિલ્લા પુરવઠા અધિકારીની ચેમ્બરમાં કરવામાં આવશે.અગાઉ ચૂંટણી સ્ટાફનું પ્રથમ રેન્ડમાઈઝેશન હાથ ધરવામાં આવ્યું હતું. તેમાં કેટલા અને કયા સ્ટાફને ચૂંટણી ફરજ બજાવવાની છે તે નક્કી થયું હતું. હવે આગામી ૨૫મી આસપાસ ચૂંટણી સ્ટાફનું બીજું રેન્ડમાઈઝેશન હાથ ધરવામાં આવશે. આ અરસામાં જ તેઓનું પોસ્ટલ બેલેટ વડે મતદાન પણ કરાવવામાં આવશે.

# રાજકોટ શહેર પોલીસની 'શી ટીમ'ના મહિલા કર્મચારીઓને નવો ડ્રેસ મળ્યો

## હવે ગુલાબી ટી-શર્ટ અને કાળા પેન્ટમાં બજાવશે ફરજ : મહિલા સુરક્ષા જાગૃતિ રેલી યોજાઇ



રાજકોટ,

રાજકોટ શહેર પોલીસની અલગ અલગ ઝોનની 'શી' ટીમો દ્વારા શહેરમાં સતત મહિલા જાગૃતિની કામગીરી થાય છે.

આ ઉપરાંત શાળા કોલેજો અને પછાત વિસ્તારોમાં બાળકો, બાળાઓને ગૂડ ટચ બેડ ટચ, સાયબર ક્રાઇમ, ટ્રાફિક અવેરનેસ સહિતની બાબતોથી સતત જાગૃત કરવામાં આવે છે. સોસાયટીઓ, જાહેર સ્થળોએ પણ મહિલાઓ, યુવતિઓને શી ટીમની કામગીરીથી વાકેફ કરી જરૂર પડયે આ ટીમની મદદ લઇ શકાય છે તેની વિગતો અપાય છે. શહેર પોલીસની અલગ અલગ ઝોનની શી ટીમોના મહિલા પોલીસ કર્મચારીઓને અલગ ઓળખ આપવામાં આવી છે. તેમને નવો ડ્રેસકોડ અપાયો છે. ગુલાબી ટી-શર્ટ અને કાળા પેન્ટઓના ડ્રેસકોડ સાથે હવેથી આ મહિલા પોલીસ કર્મચારીઓ ફરજ બજાવશે. દરમિયાન ગઇકાલે નવા ડ્રેસ સાથે શી ટીમના મહિલા પોલીસ કર્મચારીઓ દ્વારા પોલીસ હેડક્વાર્ટર ખાતેથી મહિલા સુરક્ષા જાગૃતિ રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ રેલીને પોલીસ કમિશનર રાજુ ભાર્ગવએ લીલી ઝંડી આપી હતી. આ પ્રસગે જેસીપી વિધી ચૌધરી, ડીસીપી પૂજા યાદવ, એસીપી આર. એસ. બારીયા, મહિલા પોલીસ સ્ટેશનના પીઆઇ ઇલાબેન એન. સાવલીયા સહિતના ઉપસ્થિએત રહ્યા હતાં.

પોલીસ કમિશનર રાજુ ભાર્ગવ દ્વારા ખાસ અલગ જ યુનિફોર્મ તૈયાર કરાવવામાં આવ્યોસ છે. શી ટીમની એક અલગ ઓળખ બની રહે તે હેતુથી આ ડ્રેસકોડ તૈયાર કરવામાં આવ્યો છે. હવેથી આ યુનિફોર્મમાં જ સજ્જ થઇ શી ટીમના મહિલા પોલીસ કર્મચારીઓ પોતાની ફરજ બજાવશે.

# રાજકોટ મનપામાં એ.આઈ.બેઝ મોનીટરીંગ એપ અંગે વર્કશોપ યોજાયો



રાજકોટ,

રાજકોટ મનપા દ્વારા સ્વચ્છતા સર્વેક્ષણ અંતર્ગત એઆઇ બેઝ મોનીટરીંગ એપ અંગે વર્કશોપ યોજવામાં આવતા આ વર્કશોપને પ્લાસ્ટિક મુકત રાખી ઝીરો વેસ્ટ ઈવેન્ટ બનાવવામાં આવી હતી.

સ્વચ્છ સર્વેક્ષણ-૨૦૨૪ અંતર્ગત આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ બેઝ મોનિટરિંગ એપ બાબતે વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. આ આયોજનને મનપા દ્વારા ઝીરો વેસ્ટ ઈવેન્ટ બનાવવામાં આવી હતી.

આ ઈવેન્ટમાં કોઇ પણ પ્રકારની પાણીની પ્લાસ્ટિકની બોટલનો ઉપયોગ કરવામાં આવેલ ન હતો. પાણી કાચના ગ્લાસમાં આપવામાં આવ્યા હતા. આ વર્કશોપમાં સુકા અને ભીના કચરા માટે અલગ અલગ ડસ્ટબીન રાખી ઈવેન્ટમાં કોઈપણ પ્રકારના પ્લાસ્ટીકનો ઉપયોગ કરવામાં આવેલ ન હતો.

આ ઝીરો વેસ્ટ ઈવેન્ટમાં કમિશનર આનંદ પટેલ, ત્રણેય ઝોનના ડે. કમિશનર, ત્રણેય ઝોનલ સીટી એન્જિ., ડે.ઇજનેરો, ટેકનિકલ સ્ટાફ તથા કમિશનરના ટેકનીકલ પી.એ. ઉપરાંત સ્માર્ટ સિટીના એક્ઝિક્યુટિવ એન્જિનિયર હાજર રહ્યા હતા.

# રિલાયન્સે ગીર રક્ષિત વિસ્તારમાં ૧,૫૩૪ ખૂલ્લા કૂવા ફરતે સંરક્ષણ દિવાલ બાંધીને સિંહોની સુરક્ષા સુનિશ્ચિત કરી

## પરિમલ નથવાણીના નેતૃત્વમાં આર.આઈ.એલ. ગુજરાતના વન વિભાગ સાથે મળીને પ્રાણીઓના રક્ષણ અને સંવર્ધન માટે કાર્યરત છે



રાજકોટ

ગુજરાત સરકારના વન વિભાગ સાથે મળીને રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ (આર.આઈ.એલ.) એ ગીર રક્ષિત વિસ્તારમાં ૧,૫૩૪ ખૂલ્લા કૂવા ફરતે સંરક્ષણ દિવાલ બાંધવાનું કાર્ય પૂર્ણ કર્યું છે. આ પહેલનો હેતુ વન વિસ્તારમાં વન્યજીવો, ખાસ કરીને ગુજરાત અને ભારતના ગર્વ સમાન એશિયાટીક સિંહોની સુરક્ષામાં વધારો કરીને તેમને મૃત્યુ તથા ઈજાથી બચાવવાનો છે.

આર.આઈ.એલ.એ ગીરના રક્ષિત વિસ્તારમાં ખૂલ્લા કૂવા ફરતે સંરક્ષણ દિવાલ બાંધવા માટે ગુજરાત સરકારના વન વિભાગ સાથે જૂન ૨૦૨૧માં સમજૂતિ કરાર (એમ.ઓ.યુ.) કર્યો હતો.

વન્યજીવ પ્રેમી અને આર.આઈ.એલ.ના કોર્પોરેટ અફેર્સના ડાયરેક્ટર શ્રી પરિમલ નથવાણીના નેતૃત્વ હેઠળ રિલાયન્સે ગીર પૂર્વ વિભાગના સાવરકુંડલા તથા તુલસીશ્યામમાં ૬૩૮ કૂવા અને ગીર પશ્ચિમ વિભાગના માળિયા, તાલાળા અને કોડિનારમાં ૮૯૬ કૂવા ફરતે સંરક્ષણ દિવાલ બાંધી છે.

વન્યજીવ પ્રેમી અને ગીરના સિંહો પ્રત્યે વિશેષ લગાવ ધરાવતા શ્રી પરિમલ નથવાણીએ જણાવ્યું હતું કે, "અમે ગીરમાં વન્યજીવો, ખાસ કરીને એશિયાટીક સિંહના રક્ષણ માટે ગુજરાત સરકારના વન વિભાગ સાથે મળીને કામ કરીએ છીએ કારણ કે વન્યજીવોના સંવર્ધન માટે અમે પ્રતિબધ્ધ છીએ. અમારી આ પહેલ એશિયાટીક સિંહો અને અન્ય વન્યજીવોને ગીરના રક્ષિત વિસ્તારમાં તેમજ આસપાસના વિસ્તારમાં ખૂલ્લા કૂવામાં પડીને જીવ ગુમાવવા કે ઈજા પામવાથી બચાવવામાં ખૂબ જ મહત્વની ભૂમિકા ભજવશે."

ગીરમાં કૂવાની સંખ્યામાં ઘણો વધારો થયો છે. પરંતુ દુ:ખદ રીતે, આ કૂવાની ફરતે સંરક્ષણ દિવાલ નહીં હોવાને કારણે એશિયાટીક સિંહો મારણનો પીછો કરતી વેળાએ કૂવામાં પડી જતાં ગંભીર ઈજા પામે અથવા મૃત્યુ પામે છે.

ભૂતકાળમાં પણ, શ્રી પરિમલ નથવાણીના નેતૃત્વમાં રિલાયન્સે ગુજરાત સરકારના વન વિભાગ સાથે મળીને આ પ્રકારની પહેલ કરી હતી અને ગીર રક્ષિત વિસ્તારમાં ૧,૨૯૪ કૂવા ફરતે સંરક્ષણ દિવાલ બાંધી હતી. શ્રી પરિમલ નથવાણી રાજયસભાના સાંસદ પણ છે અને તેમણે સંસદ અને સંસદની બહાર એશિયાટીક સિંહોના રક્ષણ અને સંવર્ધન સાથે સંબંધિત મુદ્દા ઘણી વખત ઉઠાવ્યા છે.

# રાજકોટના જાણીતા મહિલા પત્રકાર માસુમાબેન જૈનુદીન ભારમલનું અવસાન

## લાંબા સમયથી કેન્સરથી પીડાતા હતા : દાઉદી વ્હોરા સમાજમાં શોક છવાયો



રાજકોટ,

રાજકોટના જાણીતા મહિલા પત્રકાર માસુમાબેન જૈનુદ્દીન ભારમલ (જે.બી. અલંગ) રહે ગાંધી સોસાયટી બ્લોક.૪૪ તે અબ્બાસભાઈ તૈય્યબલી જરીવાલા (મુંબઈવાલા)ના પત્ની તથા ઝહાબિયા જરીવાલાની માતા તથા ઝૈનાબેન અહેમદઅલી ભારમલ (કલકત્તાવાલા)ના પુત્રી, કુતુબુદ્દીનભાઈ ભારમલ સકીનાબેન ભારમલ તાહેરાબેન કપાસી નું બહેન નું અવસાન થયું છે.

માસુમા ભારમલ એ રાજકોટના બ્યૂરો ચિફ તરીકે એશિયન ન્યૂઝ ઈન્ટરનેશનલમાં તરીકે કામ કર્યું હતું. આ ઉપરાંત તેઓ ઈન્ડિયન એક્સપ્રેસ ટાઈમ્સ ઓફ ઈન્ડિયા ફર્સ્ટ પોસ્ટ સહિતની ઓર્ગેનાઈઝેશનમાં કામ કર્યું હતું. ઈન્ટરનેશનલ એરલાઇન્સ મેગેઝીનમાં પણ તેમણે રિપોર્ટિંગ કર્યું છે.

સોલાર પ્લેન ના પાયલોટ નું ઈન્ટરવ્યૂ પણ તેમણે જર્મની જઈને કર્યું હતું તેઓએ એક રિપોર્ટર તરીકે રાજકોટ મુંબઈ તેમજ જર્મની અને ફ્રાન્સમાં જઈને નીડર બની લોકોનો અવાજ બન્યા છે. તેમની અનેક સ્ટોરીઓ દેશમાં વિદેશમાં હેડલાઈન્સ બની હતી.

# ઘોઘા ખાતે ગોહિલવાડ રાજપૂત સમાજ દ્વારા બે મહાપુરુષોના ત્યાગ-બલિદાનની તિથિની ઉજવણી



ઘોઘા, તા.૧૧

વીર મોખડાજી ગોહિલની ૬૭૭મી નિર્વાણ દિન તેમજ ભાવનગરના નેક નામદાર મહારાજા કૃષ્ણકુમારસિંહજી ગોહિલની ૫૯મી તિથિની વિશિષ્ટ આયોજન અને ઉજવણી સાથે વરતેજ પરિષદ ૧૯૨૪ની શતાબ્દી વંદના વર્ષની પણ ઉજવણી કરાઇ હતી. ગોહિલવાડ રાજપૂત સમાજ દ્વારા વર્ષો જુની પરંપરાગત રીતે ચૈત્ર સુદ એકમના રોજ ભાવનગર પાસેના ઘોઘા ગામ ખાતે ગોહિલવાડ વંશના આદી વંશજો વિર પુરુષ મોખડાજી ગોહિલ તથા નેક નામદાર મહારાજા કૃષ્ણકુમારસિંહજીએ ગોહિલવાડ માટે કરેલા ત્યાગ અને વિર પુરુષ મોખડાજી ગોહિલે જે વિરતા ભર્યુ બલીદાન આપ્યું હતું તેની શૌર્યતાના પાસાને ઉજાગર કરતા કાર્યક્રમનું ઘોઘા ખાતે સુંદર આયોજન કરવામાં આવેલ હતુ.

આ બંને મહાનુભાવોને રાજપુત સમાજના લોકો દ્વારા ભાવાંજલિ આપવામાં આવી હતી. એ સાથે ત્યાગ-બલિદાનની પૂજા કરવામાં આવી હતી. સ્વતંત્ર ભારતના એકીકરણ કરવા માટે સરદાર વલ્લભભાઈ પટેલને સૌ પ્રથમ પોતાનું રાજ્ય અર્પણ કરી દેનાર પ્રજા વત્સલ મહારાજા કૃષ્ણકુમારસિંહજીને પણ યાદ કરી ભાવભરી અંજલિ અર્પણ કરવામાં આવેલ હતી. તેઓને પછી મદ્રાસના ગવર્નર તરીકે પણ નિમવામાં આવેલ હતા.અને પગાર સ્વરુપે ટોકન એક રૂપિયો જ પગાર સ્વિકારતા હતા. આ કાર્યક્રમમાં રાજ્ય અને અને નેશનલ લેવલે સિદ્ધિઓ હાંસલ કરનાર ક્ષત્રિય સમાજના તેજસ્વી તારલાઓને પણ શાલ અને પ્રશસ્તિ પત્ર અર્પણ કરી સન્માનિત કરવામાં આવ્યા હતા.આ કાર્યક્રમમાં ગોહિલ વંશજ ભાવનગરના યુવરાજ જયવીરરાજસિંહ ગોહિલ તેમજ વરિષ્ઠ રાજકીય સામાજીક આગેવાનો તથા ગોહિલવાડ રાજપૂત સમાજના પ્રમુખ વાસુદેવસિંહ ગોહિલના અધ્યક્ષ સ્થાને ક્ષત્રિય સમાજના આગેવાનો તેમજ સૌરાષ્ટ્ર ભરમાંથી રાજપૂત સમાજના ક્ષત્રિય ભાઈઓ અને બહેનોએ વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહી આ અવસરને દિપાવ્યો હતો.

# લંગાળા ગામમાં સાર્વજનિક પુસ્તકાલય અને વાંચન રૂમનો શુભારંભ

## બાળકો અને યુવાનોમાં સ્માર્ટ ફોનનું વળગણ વધ્યું છે ત્યારે પુસ્તક પ્રેમ વધારવા કરાઈ પહેલ



ભાવનગર, તા.૧૧

લંગાળા ગામના શિક્ષિત યુવાઓના સાહસ અને પ્રયત્નો થકી સમસ્ત લંગાળા ગામના વડીલોના શુભાશિષ અને દાતાઓના આર્થિક અનુદાન થકી લંગાળા સાર્વજનિક પુસ્તકાલય અને વાંચન રૂમનો શુભારંભ કાર્યક્રમ તારીખ ૯ એપ્રિલથી કરાયો હતો. જેમાં લંગાળા ગામના ઉપસ્થિત નાગરિકોના હસ્તે દીપ પ્રગટાવી તથા લંગાળા પ્રા.શાળાની દીકરીઓના હસ્તે રીબીન કાપી પુસ્તકાલય અને વાંચન રૂમને ખુલ્લો મુકાયો હતો. કાર્યક્રમમાં ઉપસ્થિત સૌએ લાઈબ્રેરીની મુલાકાત લઈ વિવિધ પુસ્તકોનો પરિચય મેળવ્યો હતો અને શિક્ષણ રૂપી આ સદ્કાર્યને સૌ બિરદાવ્યું હતું.

વર્તમાન સમયમાં બાળકો-યુવાનો સૌ કોઈ પર સ્માર્ટફોને સંપૂર્ણ કબજો જમાવી લીધો છે. ત્યારે ખૂબ જ પરિશ્રમ કરી શિક્ષણક્ષેત્રે નવી પેઢીના જીવન ઘડતર તથા સંસ્કાર ઘડતરના આ યજ્ઞ સમાન સાર્વજનિક લાયબ્રેરી લંગાળાનો શુભારંભ પ્રતિકભાઈ ચાડ અને તેમની યુવા મિત્રોની ટીમના નેતૃત્વ હેઠળ કરવામાં આવ્યો છે.

આ કાર્યક્રમમાં ઉપસ્થિત લંગાળા પ્રાથમિક શાળાના આચાર્યે જણાવ્યું કે, આ સાર્વજનિક પુસ્તકાલય - લંગાળા વિશાળ વટવૃક્ષ બને, નવી પેઢીના ઘડતરમાં યોગદાન પૂરું પાડે અને બાળકો તેમજ સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરતા યુવાનો માટે દીવાદાંડી સમાન બની રહે તેવી આશા છે. આ લાઈબ્રેરીનો ઉપયોગ કરી લંગાળા ગામના યુવાનો વધુમાં વધુ સરકારી નોકરી મેળવશે તથા વિવિધ ધંધા ઉદ્યોગ અને ખેતીનાક્ષેત્રે પ્રગતિ કરી લંગાળા ગામનું સૌ કોઈ ગૌરવ વધારશે.

વર્તમાન સમયમાં મોટા મોટા શહેરોમાં વાલીઓ પોતાના સંતાનોને મહિનાનાની અંદાજીત ૨૦૦૦ રુપિયા સુધીની ફી ભરીને લાયબ્રેરીમાં રીડિંગ માટે મોકલે છે. ત્યારે લંગાળા ગામના આંગણે આ સાર્વજનિક લાયબ્રેરીનો જે શુભારંભ થયો છે, ત્યારે પુસ્તકો વધારેમાં વધારે વંચાય તેની સાર્થકતા સાચી સાબિત થશે અને વાચનની આ એક નાની શરૂઆત, નાની ટેવ બાળકમાં, યુવાનોમાં એક ક્રાંતિકારી પરિવર્તન લાવી શકે છે.

# જામનગરમાં બ્રાસના કારખાનામાંથી રૂ.૧૫ લાખનું પિત્તળ ચોરી જનાર કર્મચારી ઝડપાયો

## બ્રાસની ડીલેવરી દરમિયાન ભાંડો ફૂટ્યો : બે વર્ષથી ચોરી કરતો હોવાની કબૂલાત : પોલીસ દ્વારા પૂછપરછ

જામનગર : જામનગરમાં શંકર ટેકરી વિસ્તારમાં આવેલા બ્રાસપાર્ટના કારખાનામાં વર્ષોથી કામ કરી રહેલો કર્મચારી પર માલિકે વિશ્વાસ મુક્યા પછી કર્મચારી જ ચોર નીકળ્યો. જેને છેલ્લા બે વર્ષ દરમિયાન કારખાનમાંથી ૧૫ લાખનું પિત્તળ ચોરી કરી ગયો હોવાનું સામે આવ્યું છે. જેથી માલિકે તેની સામે પોલીસમાં ફરિયાદ નોંધાવતા ચોર કર્મચારીની અટકાયત કરી પોલીસે વધુ પૂછપરછ હાથ ધરી છે.

આ બનાવની વિગત એવી છે કે જામનગરમાં યાદવ નગરમાં રહેતો જગદીશ દેવશીભાઈ ચુડાસમા નામનો શખ્સ શંકર ટેકરી વિસ્તારમાં આવેલા દ્રષ્ટિ એન્ટરપ્રાઈઝ નામના કારખાનામાં ઘણા સમયથી નોકરી કરે છે, જેના પર કારખાનાના માલિક હરેશ મનસુખભાઈ મુંગરા દ્વારા ભરોસો મૂકીને બ્રાસપાર્ટનો માલ સામાન લેવા તથા અન્ય જગ્યાએ ડિલિવરી કરવા માટેનો ભરોસો મૂકવામાં આવ્યો હતો. જે પોતાના મોટરસાયકલ અન્ય ટુ-વ્હીલરમાં અવારનવાર પિતળના માલસામાનની ડીલેવરી કરતો હતો.દરમિયાન તાજેતરમાં અન્ય એક કારખાનેદારને ત્યાં પિત્તળના બે પાર્શલ મંગાવ્યા હતા, પરંતુ જગદીશ ચુડાસમા ત્રણ પાર્શલ લઈને આવી પહોંચ્યો હોવાથી તેને સવાલ કર્યો હતો, કે મેં બે પાર્શલ મંગાવ્યા છે, આ તો ત્રણ આવ્યા છે, જેથી તેમણે કારખાનેદાર હરેશ મનસુખભાઈ મૂંગરાને જાણ કરાઈ હતી, દરમિયાન સીટી સી ડિવિઝન પોલીસની પણ એન્ટ્રી થઈ ગઈ હતી, અને સમગ્ર કૌભાંડ બહાર આવ્યું હતું.જગદીશ ચુડાસમા પોતાના માલિકના કારખાનામાંથી કટકે કટકે પિત્તળનો માલ સામાન ચોરી કરી જતો હોવાનું કબુલ્યું હતું. તેથી સમગ્ર પોલીસમાં લઈ જવાયો હતો. જ્યાં સીટી સી. ડિવિઝન પોલીસ સ્ટેશનના સ્ટાફ દ્વારા જગદીશની ઊંડાણપૂર્વકની પૂછપરછ કરતાં તેણે છેલ્લા બે વર્ષના સમયગાળા દરમિયાન કટકે કટકે પંદર લાખ જેટલો પિત્તળનો માલસામાન સેરવી લીધો હોવાનું કબૂલી લીધું છે.

પોલીસે કારખાનેદાર હરેશ મનસુખલાલ મૂંગરાની ફરિયાદના આધારે જગદીશ દેવશી ચુડાસમા સામે નોકર ચોરી અંગે ગુનો નોંધ્યો છે અને તેની અટકાયત કરી લઈ વધુ પૂછપરછ ચલાવવામાં આવી રહી છે.

# દ્વારકા જિલ્લાના ત્રણ નામચીન બૂટલેગરો પાસા હેઠળ જેલહવાલે



દ્વારકા : લોકસભા ચૂંટણીને ધ્યાને લઈ કાયદો—વ્યવસ્થા સુદ્રઢ બનાવવાના હેતુસર દેવભૂમિ દ્વારકા જિલ્લા પોલીસવડાએ દારૂની પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલા શખ્સો સામે પગલાં લેવા કાર્યવાહી હાથ ધરી હતી. જેમાં દ્વારકા જિલ્લાના ત્રણ બૂટલેગરો સામે પાસાની દરખાસ્ત તૈયાર કરી જિલ્લા કલેક્ટરને મોકલી આપી હતી.

જે અનુસંધાને દ્વારકા જિલ્લા કલેક્ટરે લોકસભા ચૂંટણીને અનુલક્ષી તેમજ શાંતિમય વાતાવરણ બની રહે તેની તકેદારીના ભાગરૂપે આવેલ પાસાની દરસ્ખાત મંજૂર કરી દ્વારકા જિલ્લા પોલીસવડા નિતેશકુમાર પાંડેયને મોકલી આપી હતી. જેથી ત્રણેય બૂટલેગરો સામે વોરંટ ઈશ્યૂ કરતાં એલસીબી પીઆઈ બી. એમ. દેવમુરારીએ સ્ટાફને બજવણી માટે આપતાં એલસીબી પોલીસે ભાણવડ તાલુકાના તાળીવાર નેશનો રહેવાસી ઓઘડભાઈ લાખામાઈ મોરી, કલ્યાણપુરનો કમલેશ જેતાભાઈ ભારવાડિયા અને મીઠાપુર નજીકના આરંભડા ખાતે રહેતો મહેકમભાઈ મુળુભા કેર નામના ત્રણ શખ્સોને ઝડપી લઈ તમામને સુરત, અમદાવાદ અને વડોદરાની જેલમાં મોકલી દેવાયા છે.

# જામનગરમાં ઘરફોડ ચોરી અંજામ આપનાર શખ્સને ઝડપી લેવાયો



જામનગર : જામનગર શહેરમાં છેલ્લા કેટલાક સમયથી અલગ અલગ વિસ્તારોમાં ઘરફોડ ચોરીઓના ગુન્હાઓ સામે આવતા પોલીસ દોડતી થઇ હતી અને આ રીતે શહેરમાં ચોરીઓને અંજામ આપનાર ઈસમોને શોધવા કામે લાગી હતી જેમાં જામનગર લોકલ ક્રાઈમ બ્રાંચને સફળતા મળી છે, અને જામનગરમાં છેલ્લા કેટલાક દિવસોથી થયેલ ચોરીની ઘટનાઓનો ભેદ ઉકેલાઈ જવા પામ્યો છે. એલસીબી પોલીસ ઈન્સપેક્ટર વી. એમ. લગારીયાના માર્ગદર્શન મુજબ પી.એસ.આઈ આર. કે. કરમટા, તથા પી.એસ.આઈ. પી. એન. મોરી તથા સ્ટાફના માણસો જામનગર શહેર વિસ્તારમાં વણશોધાયેલ ગુન્હાઓ શોધી કાઢવા અંગે પેટ્રોલીંગમા હતા

દરમ્યાન એલ.સી.બી.ના દિલીપભાઈ તલાવડીયા, હિતેન્દ્રસિંહ જાડેજા, સંજયસિંહ વાળા તથા કાસમભાઈ બ્લોચને મળેલ હકિકત આધારે, જામનગર શહેર, ધ્રોલ, પડધરીમા એકાદ મહિનાના સમયગાળા દરમ્યાન રાત્રીના બંધ દુકાનો, ફર્નિચર શો રૂમ, ફાસ્ટફુડની દુકાનો, મકાનોના શટ્ટર,બારીના કાચ તોડી,ચોરીને અંજામ આપવામાં અગાઉ ઘરફોડ ચોરીમાં પકડાયેલ આરોપી ભાણા ઉર્ફે ભાણીયો ઉર્ફે ભાવેશ ઉર્ફે સુરજ હિરાભાઇ ભાટી રહે. આદિપુર (કચ્છ) વાળો હાલ જામનગર શહેરમાં સમર્પણ સર્કલ પાસે છે તેવી હકિકત આધારે તેને ઝડપી પાડી તેના કબ્જામાથી ચોરી કરી મેળવેલ રોકડ રૂપીયા ૦૧,૦૭,૬૦૦ કબ્જે લઇ સીટી સી ડીવીઝન પોલીસને સોંપી દેવામાં આવ્યો છે.

# જામનગર અને જામજોધપુરમાં જુગાર રમતા મહિલા સહિત ૧૧ ની અટકાયત

જામનગર : જામનગર શહેર અને જામજોધપુર પંથકમાં ગઈકાલે પોલીસે જુગાર અંગે ત્રણ સ્થળે દરોડા પાડ્યા હતા, અને એક મહિલા સહિત ૧૧ આરોપીઓની અટકાયત કરી લઈ જુગારનું સાહિત્ય કબ્જે કર્યું છે.

જામનગરમાં માતૃ આશિષ સોસાયટીમાં જાહેરમાં ગંજી પાના વડે રોન પોલીસ નામનો જુગાર રમી રહેલી માયાબેન ઉર્ફે માલાબેન કેશવભાઈ મંગવાણી, નંદલાલ વેલુમલ વાધવાઈ, અભેસંઘ કનુભા સોઢા તેમજ ગંગારામ રિઝૂમલની અટકાયત કરી લઈ તેઓ પાસેથી રૂપિયા ૫,૬૬૦ ની રોકડ રકમ અને જુગારનું સાહિત્ય કબજે કર્યું છે.જયારે શહેરના ગરીબનગર પાણાખાણ વિસ્તારમાં પાડવામાં જાહેરમાં ગંજિપાના વડે જુગાર રમી રહેલા એજાજ રજાકભાઈ, હનીફ અને અબુભાઈ તેમજ રમજાન ઓસમાણભાઈ સફીયાની અટકાયત કરી લઈ, તેઓ પાસેથી રૂપિયા ૫૮૮૦ ની રોકડ રકમ અને જુગારનું સાહિત્ય કબજે કર્યું છે.

આ ઉપરાંત જામજોધપુર તાલુકાના સમાણા ગામેં જાહેરમાં ગંજી પાના વડે જુગાર રમી રહેલા લાખાભાઈ સીદાભાઈ પરમાર, જાદવભાઈ વીરાભાઇ પરમાર, અમરાભાઈ ભુરાભાઈ પરમાર અને પરબતભાઈ સીદાભાઈ પરમારની અટકાયત કરી તેઓ પાસેથી રૂપિયા ૧,૩૭૦ ની રોકડ રકમ અને જુગારનું સાહિત્ય કબજે કર્યું છે.

# જામનગર શહેરમાં ધૂમ સ્ટાઈલથી બાઈક ચલાવી ધ્વનિ પ્રદુષણ કરતા બાઈકર્સ સામે કડક કાર્યવાહી

## શહેરના જુદા જુદા વિસ્તારોમાંથી બુલેટ સહિત ૫૦ થી વધુ બાઈક ડિટેઇન કરી ૧.૬૩ લાખનો દંડ વસુલાયો



તસવીરઃ સુનિલ ચુડાસમા

જામનગર : જામનગર શહેરમાં ધૂમ સ્ટાઈલથી બાઈક ચલાવનારા બાઈકર્સ સામે પોલીસ તંત્રએ લાલ આંખ કરી છે, અને જાહેરમાં બાઈક ચલાવી ફાયર સાઈલેન્સર વડે ઘોંઘાટ કરતા બાઈક ચાલકોના પોલીસે સીન વીખી નાખ્યા છે, છેલ્લા ૨૪ કલાકમાં ૫૦થી વધુ બુલેટ સહિતના બાઈક ડિટેઈન કરી તેઓ પાસેથી ૧.૬૩ લાખનો દંડ વસૂલ કરવામાં આવ્યો છે.

જામનગર શહેરમાં છેલ્લા કેટલાક સમયથી છેલબટાઉ યુવાનો ધૂમ સ્ટાઈલથી બાઈક ચલાવતા જોવા મળે છે, તેમજ કેટલાક બુલેટ ચાલકો કે જેઓ પોતાના વાહનમાં ફાયર સાઈલેન્સર લગાવીને ધ્વનિ પ્રદુષણ કરતા હોય છે, તેમજ સ્પોર્ટ્સ બાઈક વગેરે ભયજનક રીતે ચલાવી ઘોંઘાટ કરતા હોવાનું ધ્યાનમાં આવ્યું હતું.

જેને લઈને જામનગર શહેરમાં ટ્રાફિક શાખા દ્વારા જુદી જુદી ટીમ બનાવીને સાત રસ્તા સર્કલ, તળાવની પાળ, સુભાષ બ્રિજ, આશાપુરા હોટલ, પંચવટી સર્કલ. સહિત અલગ અલગ વિસ્તારોમાં વિશેષ ટ્રાફિક ઝુંબેશ હાથ ધરી હતી, અને એકીસાથે ૫૦થી વધુ બુલેટ સહિતના બાઈક ડીટેઈન કરી લેવામાં આવ્યા છે, તદઉપરાંત ટ્રાફિક નિયમનના ભંગ બદલ રૂપિયા ૧,૬૩,૮૦૦ નો હાજર દંડ પણ વસૂલ કરવામાં આવ્યો છે.આ કાર્યવાહી ટ્રાફિક શાખાના પોલીસ ઈન્સ્પેક્ટર એમ. બી. ગજ્જર, પી.એસ.આઇ. આર.ડી. ગોહિલ, આર.એલ. કંડોરીયા, ડી.જે. જાડેજા તથા અન્ય પોલીસ સ્ટાફની જુદી જુદી ટીમ દ્વારા કરવામાં આવી હતી.

# મોટી ખાવડીમાં પરણીતાએ માનસિક અસ્થિરતાથી કંટાળી ઝેરી ટીકડા ખાઇ લીધા

જામનગર : જામનગર નજીક મોટી ખાવડી વિસ્તારમાં ખાનગી કંપનીની ટાઉનશીપમાં રહેતી મૂળ જૂનાગઢ પંથકની એક પરણીતાએ માનસિક બીમારીથી તંગ આવી જઇ ઝેરી ટીકડાઓ ખાઈ લઈ આત્મહત્યા કરી લીધાનો બનાવ પોલીસ ચોપડે નોંધાયો છે.

આ બનાવની વિગત એવી છે કે મૂળ જુનાગઢ જિલ્લાના કેશોદ ગામની વતની અને હાલ મોટી ખાવડી વિસ્તારમાં ખાનગી કંપનીની ટાઉનશિપમાં રહેતી સંધ્યાબેન મેહુલભાઈ સાદરીયા નામની ૨૯ વર્ષની પરણીતાએ પોતાની માનસિક બીમારીથી તંગ આવી જઇ ઘરમાં પડેલા ઘઉંમાં નાખવાના જતુંનાશક ટીકડાઓ ખાઈ લેતાં વીપરિત અસર થઈ હતી, અને તેણીને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડાઈ હતી, જ્યાં સારવાર દરમિયાન તેણીનું મૃત્યુ નીપજયું હતું.

આ બનાવ અંગે મૃતકના પતિ મેહુલભાઈ વિનોદભાઈ સાદરીયાએ પોલીસને જાણ કરતાં મેઘપર પોલીસે મૃતદેહનો કબજો સંભાળી પોસ્ટમોર્ટમ સહિત કાર્યવાહી હાથ ધરી છે. મૃતક સંધ્યાબેન આશરે દોઢેક વર્ષથી માનસિક તણાવ અનુભવતા હતા, અને પુરી નીંદર કરી શકતા ન હતા, અને તેઓને અનેક પ્રકારના ખોટા વિચારો આવતા હતા. તે અંગેની દવા પણ ચાલતી હતી, પરંતુ સારું નહીં થતાં આત્મહત્યાનું પગલું ભરી લીધું હતું.

# જામનગરમાં મુસ્લિમ બિરાદરો દ્વારા ઈદ-ઉલ-ફીત્રની ઉજવણી

## શહેરની ઈદગાહ મસ્જિદમાં નમાઝ અદા કરીને એકબીજાને ઈદની મુબારકબાદી પાઠવાઈ










તસવીરઃ સુનિલ ચુડાસમા

જામનગર : જામનગર શહેરમાં રમઝાન માસ દરમ્યાન રોઝા રાખી મુસ્લિમ બિરાદરોએ અલ્લાહની બંદગી કર્યા બાદ ગઈકાલે બુધવારના રોજ ચાંદ દેખાતા રોઝાની પૂર્ણાહુતિ કરવામાં આવી હતી અને આજરોજ મુસ્લિમ સમૂદાયમાં હરખભેર ઈદની ઉજવણી કરવામાં આવી રહી છે.

જામનગર શહેર સહિત સમગ્ર જીલ્લામાં આજે ગુરૂવારના રોજ ઈદ-ઉલ-ફિત્રના પવિત્ર પર્વની ભાઇચારાની અનોખી ભાવના સાથે હર્ષોલ્લાસભેર શાનદાર રીતે ઉજવણી કરવામાં આવી હતી.

મુસ્લિમો ભાઇઓ દ્વારા મહાન પવિત્ર પર્વ રમઝાન માસના ૩૦ રોઝા પૂર્ણ કર્યા બાદ, આજે ગુરૂવારના રોજ ઇદની આનંદ ભર્યા વાતાવરણમાં ઉજવણી કરાઇ હતી. જામનગરની ઈદગાહ મસ્જિદ તથા અલગ-અલગ મસ્જિદોમાં મુસ્લિમ બિરાદરો દ્વારા ઈદ-ઉલ-ફીત્રની નમાઝ અદા કરવામાં આવી હતી. તેમજ નમાઝ અદા કર્યા બાદ તમામ મુસ્લિમ બિરાદરોએ એકબીજાને ગળે મળીને ઈદની શુભેચ્છા પણ પાઠવી હતી. અને હર્ષોલાસ ભર્યા વાતાવરણમાં ઈદના મહાન પવિત્ર પર્વની ઉજવણી કરાઈ હતી.

# રાજકોટ સહિત સૌરાષ્ટ્રભરમાં ધોમધખતા તાપ શરૂ : રાજકોટમાં ૪૧.૭૨ ડીગ્રી

## રાજકોટમાં ગ્રીનલેન્ડર ચોકડી પાસે ૪૧.૭૨ ડીગ્રી ઢેબર રોડ પાસે સૌથી ઓછુ ૩૨.૮૫

રાજકોટ,

રાજકોટ સહિત સમગ્ર ગુજરાતમાં અસહ્ય અગનવર્ષા શરૂ થઈ છે આકરા તાપથી લોકો અકળાયા છે. બપોરના સમયે ધોમખધતા તાપથી લોકો ત્રાહીમામ પોકારી ઉઠ્યા છે

જુનાગઢમાં તાપમાનનો પારો ૪૧ ડીગ્રી નજીક પહોંચી જતા લોકો ત્રાહીમામ પોકારી ઉઠયા છે. છેલ્લા બે દિવસથી તાપમાનમાં સતત વધારો થઈ રહ્યો છે. ગઈકાલે જુનાગઢ શહેરનું લઘુતમ તાપમાન ૨૩.૩ ડીગ્રી રહ્યા બાદ આજે સવારે બે ડિગ્રી તાપમાન વધીને ૨૫.૩ ડીગ્રી નોંધાયું હતું. આ સાથે વાતાવરણમાં ભેજનું પ્રમાણ પણ ઘટીને ૬૧ ટકા થઈ જતા ગરમી વધી હતી. સવારે પવનની પ્રતિ કલાકની ઝડપ ૩.૩ કિલોમીટરની રહી હતી.

બુધવારે જુનાગઢનું મહત્તમ તાપમાન ૪૦.૯ ડીગ્રી રહ્યા બાદ આજે પણ સવારથી જ અગન વર્ષા શરૂ થઈ જતા બપોરે તાપમાન ૪૦ ડીગ્રી ઉપર રહેવાની શકયતા છે.

જામનગરમાં લઘુતમ તાપમાન ૨૩, મહત્તમ તાપમાન ૩૭.૨, ભેજનું પ્રમાણ ૯૩ ટકા, પવનની ગતી ૭.૭ કી. મી. રહી છે.

રા જકોટ વધુ ૪૧.૭૨ ડીગ્રી તાપમાન મોરબી રોડ અને ગ્રીનલેન્ડ ચોકડી આસપાસના વિસ્તારોમાં નોંધાયુ હતુ.શહેરમાં ઉનાળાની અસર જોવા મળી રહી છે. મ્યુ. કોર્પોરેશનમાં નોંધ થયેલા આકડા મુજબ શહેરમાં અલગ-અલગ દિશાઓમાં તાપમાનની માત્રા અલગ અલગ હતી. જ્યાં વૃક્ષોનું પ્રમાણ વધુ હોય તેવા વિસ્તાતરોમાં તાપમાન ઓછુ નોંધાયું હતું. વૃક્ષો વિનાના વિસ્તાજરોમાં તાપમાનનો પારો ઉંચે રહે છે. બપોરે ૪.૨૫ વાગ્યેત સૌથી વધુ ૪૧.૭૨ ડીગ્રી તાપમાન મોરબી રોડ અને ગ્રીનલેન્ડ ચોકડી આસપાસના વિસ્તારરોમાં નોંધાયેલ સૌથી ઓછું તાપમાન ૩૨.૮૫ કોર્પોરેશનની મધ્ય




ઝોનની કચેરી ઢેબર રોડ ખાતે નોંધાયેલ.

કયા વિસ્તારમાં કેટલું તાપમાન તેની વિગત જોતાં આજીડેમ ૩૯.૨૬, અટીકા ૩૯.૩૦, જિલ્લા પંચાયત ૩૬.૦૫, કોઠારિયા ૩૯.૨૬, ગ્રીનલેન્ડ ૪૧.૭૨, પ્રદ્યુમન પાર્ક ૩૯.૨૭, રેસકોર્ષ ૩૬.૨૩, કોઠારિયા ૩૯.૨૬,સેન્ટ્ર્લ ઝોન ૩૨.૮૫, સોરઠીયાવાડી ૩૩.૩૩, મોરબી રોડ ૪૧.૭૨ ડિગ્રી તાપમાન નોધાયું હતું.

# રાજકોટમાં ઈલેક્ટ્રીક સ્કૂટર જાહેર રોડ ઉપર સળગી ઉઠયું : ટ્રાફિક જામ

## રાજકોટના કુવાડવા પોલીસ સ્ટેશનના કોન્ફંરન્સ રૂમમાં શોર્ટ સરકિટથી આગ લાગી

રાજકોટ,

રાજકોટમાં ૧૫૦ ફૂટ રીંગ રોડ ઉપર બિગ બજારની સામે એક ઈલેક્ટ્રીક સ્કૂટર અચાનક સળગી ઊઠતા ટ્રાફિક જામ થઈ ગયો હતો. ધુમાડાના ગોટે ગોટા છવાયા.આખું સ્કૂટર સળગીને ખાખ થઈ ગયુ હતું આ આગ અચાનક લાગવાથી લોકોમાં નાસભાગ મચી હતી.



રાજકોટના કુવાડવા રોડ પોલીસ સ્ટેશનના કોન્ફ?રન્સ રૂમમાં સવારે આગ ભભૂકતા બેડીપરા ફાયર બ્રિગેડના સ્ટાહફે પહોંચી આગ બુઝાવી હતી. એ.સી.માં શોર્ટ સરકિટ થતાં આગ લાગ્યા ની શકયતા જણાવાઈ હતી. આગથી કોઈ મોટી નુકસાની થઈ ન હોવાનું પીઆઈ વી.આર. રાઠોડ, પીએસઓએ ફાયર બ્રિગેડ સ્ટાફને જણાવ્યુંા હતું. ફાયર બ્રિગેડ ટીમ પહોંચી એ પહેલા પોલીસ કર્મચારીઓએ ત્યાંર ઉપલબ્ધઠ અગ્નીસમનના સાધનનો ઉપયોગ કરી આગ કાબુમાં લઈ લીધી હતી.

# રાજકોટમાં એમડી ડ્રગ્સ સાથે બે શખસો ઝડપાયા : ૧.૦૧ લાખનો મુદ્દામાલ કબ્જે

## મુંબઈથી એમડી ડ્રગ્સ લાવી જામનગરમાં વેંચે એ પહેલા જ પકડાઈ ગયા

રાજકોટ,

રાજકોટ શહેરમાં પદાર્થની હેરાફેરી થતી અટકાવવા પેટ્રોલીંગમાં દરમિયાન એલસીબી ઝોન-૧ના હેડકોન્સ. હરપાલસિંહ જાડેજા, કોન્સ્. જેન્તીગીરી ગોસ્વામીને મળેલી બાતમી પરથી કુવાડવા રોડ જુના જકાતનાકા પાસે વોચ રાખી શાહરૂખ બસીરભાઇ જામ (ઉ.૨૫-રહે. ગુલાબનગર સંજરી ચોક-૨) તથા રાહુલ દિપકભાઇ ગોસાઇ (ઉ.૨૭-રહે. રામવાડી-૪ આહિર સમાજની વાડી પાસે ગુલાબનગર જામનગર)ને રૂ. ૭૫ હજારના ૭.૫૦ ગ્રામ એમડી ડ્રગ્સ સાથે ઝડપી લીધા હતાં.

આ બંને પાસેથી ત્રણ મોબાઈલ ફોન, રોકડા મળી કુલ રૂ.



૧,૦૧,૧૦૦નો મુદ્દામાલ કબ્જે કરાયો છે. અગાઉ રાહુલ સામખીયાળી પોલીસમાં દારૂના ગુનામાં પકડાયો હતો. રાહુલ વાહન લે વેંચનું કામ કરે છે અને શાહરૂખ ડ્રાઈવીંગ કરે છે. બંને નશો કરવાની ટેવ ધરાવે છે અને પૈસા કમાવવા માટે મુંબઈથી એમડી ડ્રગ્સ લાવ્યા હતાં. આ પદાર્થ જામનગર જઈ વેંચે એ પહેલા રાજકોટમાં પકડાઈ ગયા હતાં.

પોલીસ કમિશનર રાજુ ભાર્ગવ, જેસીપી વિધી ચૌધરી, ડીસીપી સજ્જનસિંહ પરમારની સુચના અંતર્ગત આ કામગીરી બી-ડિવીઝન પીઆઈ એસ. એમ. જાડેજા, પીએસઆઈ આર. એચ. ઝાલા, હેડકોન્સ.. વિરેન્દ્રસિંહ ઝાલા, હેડકોન્સો. હરપાલસિંહ જાડેજા, અરૂણભાઈ બાંભણીયા, ક્રિપાલસિંહ જાડેજા, રાજેશભાઈ બાળા, કોન્સક. જેન્તી્ગીરી ગોસ્વામી, અમીનભાઈ ભલુર, ધર્મરાજસિંહ ઝાલા, જયપાલસિંહ સરવૈયા, જયદિપસિંહ બોરાણા, ડ્રા. શક્તિોસિંહ ઝાલા સહિતે કરી હતી. માદક પદાર્થનું પ્રાથમિક પરિક્ષણ અસ. એચ. ઉપાધ્યાસયએ કર્યું હતું. ઝડપાયેલા બંને શખ્સો્ પહેલી જ વખત એમડી લાવ્યાનું રટણ કરતાં હોઈ વિશેષ તપાસ માટે રિમાન્ડની તજવીજ કરવામાં આવશે.

# રાજકોટ જિલ્લામાં ચાર સ્થળે જુગટુ ખેલતા ૨૫ શકુની ઝડપાયા

રાજકોટ,

રાજકોટ જિલ્લામાં ખેતીની સીઝન પૂરી થતાની સાથે જ જુગારની મોસમ શરૂ થઈ ગઈ છે ત્યારે જિલ્લામાં ચાર સ્થળે જુગારના હાટડા પર પોલીસે દરોડા પાડી જુગટુ ખેલતા ૨૫ શખ્સોની ધરપકડ કરી ૬૭ હજારનો મુદ્દામાલ કબ્જે કર્યો છે.



જસદણ તાલુકાના ભાડલા પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલ મદાવા ગામની સીમમાં ડુંગરાળ વિસ્તારમાં ઝાડની નીચે ચાલતા જુગારના અખાડા ઉપર એલસીબીએ ચોક્કસ બાતમીના આધારે દરોડો પાડી જુગાર રમતા મદાવા ગામના રાયધન કરમશી મુલાણી ઉ.વ.૪૨, ચોટીલાના અરવિંદ સોમાભાઈ બાવળિયા ઉ.વ.૨૭, ગઢડિયાના પ્રેમજીભાઈ જીવાભાઈ ચાવડા ઉ.વ.૪૦, જસદણના દિપક જાદવભાઈ રાઠોડ ઉ.વ.૫૪, જસદણના રાજુ કેશુભાઈ રામાવત ઉ.વ.૪૨ અને કોડુકા ગામના બેચર પ્રેમજીભાઈ બેરાણી ઉ.વ.૪૦ની ધરપકડ કરી રૂા. ૪૦,૨૦૦ની રોકડ રકમ કબ્જે કરી હતી.

લોધીકાના હરીપર પાળ ગામે ચાલતા જુગાર પર પોલીસે દરોડો પાડી જુગાર રમતા પાળ ગામના જીકાભાઈ બચુભાઈ સીતાપરા ઉ.વ.૪૫, આશિષ જવાહર કહાર ઉ.વ.૩૦, રવિન્દ્રસિંગ બદ્રેસ્વરસિંગ પટેલ ઉ.વ.૩૫, હસમુખ પરસોતમ વડેચા ઉ.વ.૩૪, રાજેશ મુખીરામ જયસ્વાલ ઉ.વ.૩૮, ચુન્નુ કુમાર કમલેશ મહોતા ઉ.વ.૨૭, દેવજી સવજી પરમાર ઉ.વ.૩૮ અને બટુક પરસોતમ સિતાપરા ઉ.વ.૫૫ની ધરપકડ કરી ૨૦,૯૦૦ની રોકડ રકમ કબ્જે કરી હતી. શાપર-વેરાવળ સિતળા મંદિર પાસે જાહેરમાં જુગાર રમતા મગન બેચરભાઈ જાદવ ઉ.વ.૬૦, પ્રેમજી આલજી રાઠોડ ઉ.વ.૫૦, મોતીભાઈ ખીમજીભાઈ ડાભી ઉ.વ.૫૫, લક્ષ્મણ મોહનભાઈ ચાંચિયા ઉ.વ.૫૦, પીતાંબર કલાભાઈ સોલંકી ઉ.વ.૬૨ અને જીવણ રતીલાલ વોરા ઉ.વ. ૬૪ની ધરપકડ કરી રૂા. ૪,૫૩૦ની રોકડ રકમ કબ્જે કરી હતી. જસદણના રાજાવડલા ગામે જાહેરમાં જુગાર રમતા પાંચ શખ્સોની પોલીસે ધરપકડ કરી રૂા. ૧,૭૮૦ની રોકડ રકમ કબ્જે કરી હતી.

# રાજકોટ સહિત સૌરાષ્ટ્રમાં મુસ્લિમ સમાજ દ્વારા ઈદ્-ઉલ-ફિત્રની કોમી એખલાસભર્યા વાતાવરણમાં ઉજવણી

## મુસ્લિમ બિરાદરોએ તમામ મસ્જીદો તથા ઇદગાહમાં ઈદની નમાઝ અદા કરી મુબારકબાદી પાઠવી



રાજકોટ,

રાજકોટ સહિત સૌરાષ્ટ્ર-કચ્છમાં મુસ્લિમ સમાજ દ્વારા આજે ઈદ્-ઉલ-ફિત્ર (રમઝાન ઈદ્)ની કોમી એખલાસ અને ભાઈચારાના વાતાવરણમાં ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે આજે સવારના મસ્જિદો અને ઈદગાહમાં મુસ્લિમ બિરાદરોએ વિશેષ નમાઝ અદા કરી પરસ્પર એકબીજાને ગળે મળીને ઈદની મુબારકબાદી પાઠવી હતી. આ તકે મુસ્લિમ બિરાદરોએ દેશની એકતા અને વિકાસ માટે દૂઆ માંગેલ હતી.

રાજકોટમાં આજે સવારે બે ઈદગાહ, બે દરગાહના મેદાન, અને ૩૭ મસ્જી દોમાં મળી ૪૧ જેટલા સ્થ ળોએ તેમજ શહેરના ૮ જેટલા કોઠારીયા, શાપર, માલિયાસણ જેવા નજીકના પરા વિસ્તાસરની મસ્જીમદોમાં ઈદની વિશેષ નમાઝ પઢવામાં આવી હતી.

આ વખતના રમઝાન માસમાં ૩૦ રોઝા પુરા થઈ ગુરૂવારે ઈદ થતા આજે સામુહિક નમાઝ પૂર્વેના ‘ખુત્બા ’ (પયગમ્બઈર સાહેબની પ્રસંશા)નો લાભ મળ્યોખ પરંતુ આવતીકાલે ‘શુક્રવાર’ હોઈ જે ‘સાપ્તાહિક ઈદ’ ગણવામાં આવતી હોય કાલે શુક્રવારે પણ ‘ખુત્બા ’ નો લાભ મળનાર હોઈ આજે ઈદ અને કાલે સાપ્તાહિક ઈદના લીધે ઈદનો ઉત્સાવહ બેવડાઈ ગયો છે.

રાજકોટ શહેરના રેસકોર્સ આજી પાર્ક સહિતના જાહેર સ્થાળોએ પણ મુસ્લિમ સમાજના પરિવારો બાળકોને લઈ ઈદનો હર્ષ વ્યકત કરવા ઉમટી પડયા હતા જેના લીધે ઈદનો ઉત્સાંહ ઉલ્લાસ ચોમેર છવાઈ જવા પામ્યો હતો.

રાજકોટમાં ઢેબર રોડ ઉપર શહેર ઈદગાહમાં જામ્એ મસ્જી દના ઈમામ મૌલાના હાફિઝ મો. હુસૈન રઝવી મિસ્બોહી તથા સદર ઈદગાહમાં સદર જામ્એર મસ્જીદના હાફીઝ હાજી અકરમખાં પઠાણ તથા લાલપરી તળાવ દરગાહે મૌલાના મો. અનવરમીંયા અશરફી તથા રૈયા હઝરત ગૈબનશાહ પીરની દરગાહના મેદાનમાં અબ્દુાલ રશીદ નૂરી બંગાલીની નેતાગીરીમાં લોકો ઈદની નમાઝ પઢવા માટે ઉમટી પડયા હતાં.

ઈદના પવિત્ર દિવસે ફાતેહ સૌરાષ્ટ્ર હઝરત મૌલાના મુહમ્મ દ ઈસ્હાક હશમતી અને ફખ્રે રાજકોટ હઝરત મૌલાના મો. નૈયર રઝા નૂરી (અલૈહીર્રહમા) માટે ગંજીવાડામાં ઈસાલે સવાબ કરી તેઓની જરૂરીયાત મહેસુસ કરતા તે બન્નેને અંજલિ અર્પીત કરાઈ હતી. જયારે કુતુબેશહર સૈયદીના સરકાર ગૈબનશાહ પીર અને મખ્દુતમે સૌરાષ્ટ્રી હઝરત તુર્કીબાવા (અલૈહીર્રહમા) ની દરગાહ તથા કબ્રસ્તાનમાં મોટી સંખ્યામાં ઉમટી પડયા હતાં.

# રાજકોટના ભગવતીપરામાં યુવાન બેભાન થઈ ઢળી પડ્યો: હાર્ટએટેકથી મોત

રાજકોટ,

રાજકોટ શહેરમાં હાર્ટએટેકના બનાવો અવિરત રહ્યા હોય તેમ વધું એક યુવા ઝીંદગીના હદય ધબકારા ચુકી જતાં મોત નીપજ્યું હતું. ભગવતીપરામાં ૨૭ વર્ષીય મનોજ ઝરમરીયા ઘરે હતો ત્યારે બેભાન થઈ ઢળી પડ્યા બાદ તેમનું ટૂંકી સારવારમાં મોત નિપજતાં પરીવારમાં અરેરાટી વ્યાપી ગઈ હતી. પ્રાપ્ત વિગત મુજબ, ભગવતીપરામાં સ્વામિનારાયણ ડેરી પાસે રહેતાં મનોજભાઈ ચકુભાઈ ઝરમરીયા (ઉ.વ.૨૭) આજે સવારે આઠ વાગ્યાની આસપાસ પોતાના ઘરે હતો ત્યારે અચાનક બેભાન થઈ ઢળી પડ્યો હતો. જેમને તાત્કાલિક સારવાર અર્થે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો.

પરંતુ સારવાર કારગત ન નિવડતાં તેમનું મોત નીપજ્યું હતું. બનાવ અંગે સિવિલ ચોકીના સ્ટાફે બી.ડિવિઝન પોલીસને જાણ કરતાં સ્ટાફ દોડી આવ્યો હતો અને જરૂરી કાર્યવાહી કરી મૃતદેહને પીએમમાં ખસેડયો હતો.વધુમાં મૃતકને સ્ટર્લિંગ હોસ્પિટલ પાસેમરચાનો વાળો છે અને બે દિવસ પહેલાં તેઓ દંપતી ઘરે આવતાં હતાં ત્યારે રેલનગર પાસે બાઈક આડે કૂતરું ઉતરતા તેઓને અકસ્માત નડ્યો હતો. બે ભાઈમાં નાનો હતો. તેમના મોટા ભાઈની ત્રણ માસ પહેલાં જ અવસાન થયું હતું. બાદમાં પરિવારના આધારસ્તંભ પુત્રનું પણ મોત નિપજતાં આક્રંદ છવાયો હતો. મૃતકને સંતાનમાં એક પુત્ર-પુત્રી છે.

# રાજકોટમાં એપલ ૧૩-પ્રો.મોબાઈલની ખરીદી માટે ઓનલાઈન પેમેન્ટ કરતાં રૂ. ૨૫ હજાર ગુમાવ્યા

રાજકોટ,

રાજકોટ ગુરૂપ્રસાદ ચોક જુની પપૈયાવાડી શેરી નં. ૪ પિતૃ વંદના ખાતે રહેતાં અને કુવાડવા જીઆઈડીસીમાં કંપનીમાં પ્લાન્ટ મેનેજર તરીકે નોકરી કરતાં કૌશિકભાઈ પ્રતાપભાઈ રાઠોડ (ઉ.વ.૪૨)ની ઠગાઈ થયાની ફરિયાદ પરથી અલગ અલગ મોબાઈલ ફોન નંબરના ધારકો વિરૂધ્ધિ આઈપીસી ૪૦૬, ૪૨૦, આઈટી એક્ટ મુજબ ગુનો નોંધ્યો છે.

કૌશિકભાઈએ જણાવ્યું છે કે મારા ફેસબૂક આઈડી પર થોડા સમય પહેલા એક જાહેરાત મેં વાંચી હતી. જેમાં એપલ કંપનીનો ૧૩-પ્રો ૨૫૬ જીબીનો મોબાઈલ ફોન માત્ર રૂપિયા ૨૫૦૦૦માં મળશે તેવી નોંધ હોઈ મેં સામેના ફેસબૂક આઈડીમાંથી મેસેજ કરતાં મને ફોન આવ્યો હતો. ફોન કરનારે પોતાનું નામ કરણસિંહ જણાવ્યું હતું અને કહ્યું હતું કે ફોન લેવો હોય તો કેકેવી ચોકમાં ફોનબૂક નામની મોબાઈલની દૂકાને આવો. જેથી હું તા. ૧૧/૯/૨૩ના રોજ ત્યાં ગયો હતો અને મેં ઓનલાઈન મોબાઈલ સિલેક્ટલ કર્યો છે તેવું કહેતાં દુકાનવાળાએ કહેલું કે ઓનલાઈન સિલેક્ટર કર્યો હોય તો તેનો ભાવ જે તે વ્યતક્તિન પાસે જાણવો પડે.દૂકાનવાળાએ મોબાઈલ ડીલરોના ગ્રુપમાંથી નંબર શોધી આપતાં અને ફોનથી વાત કરતાં તેણે જણાવેલ કે ૧૩ પ્રો એપલ મોબાઈલ પડયો છે જે મને આપવાની વાત કરતાં દૂકાનવાળાએ પેમેન્ટે કરી રીતે કરશો તેમ કહેતાં મેં કરણસિંહને ઓનલાઈન રૂપિયા મોકલીશ તેમ કહ્યું હતું. આથી મેં તુરત ગૂગલપેથી ૨૫ હજાર કરણસિંહને મોકલ્યાન હતાં. એ પછી કરણસિંહે દૂકાનવાળા સાથે વાત થઈ ગઈ છે તમે મોબાઈલ લઈ જઈ શકો છો તેમ કહ્યું હતું. પરંતુ દૂકાનવાળાએ હજુ સુધી મને પૈસા મળ્યો નથી તેમ કહી રાહ જોવડાવી હતી. અડધો કલાક બાદ ફરી કરણસિંહને ફોન કરતાં તેણે હમણા જ રૂપિયા ટ્રાન્સધફર કરુ છું તેમ કહી બાદમાં દુકાનવાળાને પૈસા આપ્યાક નહોતો અને પોતાનો ફોન બંધ કરી દીધો હતો. જે ફેસબૂક આઈડીમાં મેં જાહેરાત જોઈ હતી એ આઈડી પણ બંધ થઈ ગયું હતું. બાદમાં તપાસ કરતાં ખબર પડી હતી કે ફેસબૂક આઈડી ખોટી હતી. મને છેતરીને સસ્તાંમાં આઈફોન આપવાના બહાને પચ્ચીસ હજારની ઠગાઈ થઈ હોઈ ફરિયાદ નોંધાવી હતી. તાલુકા પોલીસ મથકના પીઆઈ ડી. એમ. હરીપરાની રાહબરીમાં પીએસઆઈ પી. એચ. નાઈ અને કિરીટભાઈ રામાવત સહિતે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

# રાજકોટમાં સસરાના ઘરે આવેલા જમાઈનો ગળાફાંસો ખાઈ આત્મહત્યા

રાજકોટ,

સાયલા પંથકમાંથી રાજકોટ સસરાના ઘરે પખવાડીયાથી આવેલા જમાઈએ કામધંધાની મંદીથી કંટાળીને આત્મહત્યા કરી લીધી છે.

જાણવા મળ્યા મુજબ સાયલાના કેરાળા ગામે રહેતાં વિનોદભાઈ કાનાભાઈ બારૈયા (ઉ.વ.૩૦)એ સદર બજાર ઠક્કરબાપા હરિજન વાસ-૫માં તેના સસરાના ઘરે હતો ત્યારે ઓરડીમાં લોખંડના એંગલમાં સાડી બાંધી ગળાફાંસો ખાઈ આપઘાત કરી લેતાં પરિવારમાં અરેરાટી વ્યાપી ગઈ હતી.

બનાવ અંગે પ્ર.નગર પોલીસે કાર્યવાહી કરી હતી. આપઘાત



કરનાર વિનોદ પંદેરેક દિવસથી અહિ સસરાના ઘરે આવ્યો હતો. તેને સંતાનમાં પાંચ દિકરી છે. પોતે બે ભાઈમાં નાનો હતો. હાલમાં કામધંધો ન હોઈ કંટાળીને પગલુ ભરી લીધાનું પરિવારજનોએ જણાવ્યુ હતુ.